**સુવિચાર**

દિકરો ક્યારેય બાપ કે માતાથી મોટો ન હોઈ શકે. સારા દિકરા થયા વિના સારા પિતા થવાતું નથી.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૪/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૧૧૧










## ભગવાન શ્રીરામનાં પરમભક્ત બજરંગબલીનાં જન્મોત્સવને લઈને જબરો ઉત્સાહ

# અમરેલી જિલ્લામાં આજે હનુમાન જયંતીની આસ્થાભેર ઉજવણી થશે

**જિલ્લાનાં સુપ્રસિધ્ધ ભૂરખીયા હનુમાન મંદિર તરફ હજારોની સંખ્યામાં ભકતજનોએ પદયાત્રાનો કર્યો પ્રારંભ**

**અમરેલીનાં લાલાવાવ, રોકડીયા, પંચમુખી, બાલ હનુમાન, હઠીલા હનુમાન સહિતનાં મંદિરોમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન**

**જિલ્લાનાં દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ હનુમાન જયંતીની થશે આસ્થાભેર ઉજવણી**

**હનુમાનજી મહારાજને તેલ, અડદ, આંકડાની માળા પહેરાવીને પૂજા કરીને આશીર્વાદ મેળવશે હનુમાનભકતો**



અમરેલી, તા. ૨૨

અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં આવતીકાલે પવનપુત્ર અને શ્રી રામ ભકત હનુમાનજી મહારાજનાં જન્મોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. જિલ્લાનાં તમામ હનુમાન મંદિરમાં ભકતો ધ્વારા હનુમાનજી મહારાજને તેલ, સિંદુર અને અડદનો અભિષેક અને આંકડાની માળા ચડાવીને પૂજા–અર્ચના કરવામાં આવશે. વ્હેલી સવારથી રાત્રિ સુધી હનુમાનજી મંદિરમાં ભકતોની ભીડ ઉમટશે.

અમરેલી શહેરમાં આવેલ રોકડીયા, બાલ હનુમાન, લાલાવાવ, હઠીલા, પંચમુખી સહિતનાં હનુમાન મંદિરોમાં મહાઆરતી, સંતવાણી, બટુક ભોજન, હનુમાન ચાલીશા અને સુંદરકાંડાનાં પાઠનું આયોજન કરવામાં આવેલ છે.

દામનગર નજીક આવેલ સુપ્રસિધ્ધ ભૂરખિયા હનુમાન મંદિર તરફ હજારોની સંખ્યામાં પદયાત્રીઓ રવાનાં થયા છે અને આ પદયાત્રીઓ માટે ચા–પાણી, ઠંડાપીણા, નાસ્તા અને ફ્રૂટનું સેવાભાવીઓ ધ્વારા સ્ટોલ ઉભા કરી વિતરણ કરવામાં આવશે.

અમરેલી ઉપરાંત સાવરકુંડલા, ધારી, રાજુલા, બગસરા, કુંકાવાવ, બાબરા, લીલીયા સહિતનાં તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ હનુમાનજી મંદિરમાં ભકતજનો ધ્વારા પૂજા–અર્ચના કરવામાં આવશે.

દામનગર

અનુસંધાન પાના ૬ ઉપર

## ઉમેદવારીપત્રક ખેંચવાનો સમય પસાર થયો

# અમરેલી લોકસભા ચૂંટણીજંગમાં ૮ ઉમેદવારો વચ્ચે હરિફાઈ થશે

**ભાજપ, કોંગ્રેસ, બીએસપી સહિતનાં પક્ષો અને અપક્ષ વચ્ચે ટક્કર**

અમરેલી, તા. ૨૨

અમરેલી લોકસભા બેઠક માટે ગઈકાલે કોંગીના ઉમેદવારનું ફોર્મ આખરે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા માન્ય રાખવામાં આવતા અમરેલી લોકસભા બેઠક માટે કુલ ૧૧ ઉમેદવારોમાંથી ૯ ઉમેદવારો મેદાનમાં

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી લોકસભા ચૂંટણીનાં હરિફ ઉમેદવારોની યાદી**

(૧) ચૌહાણ રવજીભાઈ – બ.સ.પા.
(૨) જેની ઠુંમર – કોંગ્રેસ
(૩) ભરત સુતરીયા–ભાજપ
(૪) વિક્રમભાઈ સાંખટ – ગ્લોબલ રિપબ્લિક પાર્ટી
(૫) પ્રિતેશ ચૌહાણ – અપક્ષ
(૬) પૂંજાભાઈ દાફડા – અપક્ષ
(૭) બાવકુભાઈ વાળા – અપક્ષ
(૮) ભાવેશભાઈ ટાંક – અપક્ષ

## સ્પે. પોકસો કોર્ટનાં જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપીને સજા ફટકારાઈ

# સાવરકુંડલાનાં એક ગ્રામ્ય વિસ્તારની તરૂણીનું અપહરણ કરનાર આરોપીને સ્પે. પોકસો કોર્ટ દ્વારા ૧૦ વર્ષની સજાનો હુકમ

**સરકારીપક્ષે એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાનાં એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષ ૬ માસની તરૂણીને સાવરકુંડલા તાલુકાનાં કાનાતળાવ ગામે રહેતો આરોપી નીતિનભાઈ કાળુભાઈ ચૌહાણ સાથે પ્રેમસબંધ હોય. જેથી આંબરડી ગામેથી અન્ય આરોપીની મદદથી ગત તા. ૧૪/૪/૧૯નાં સાંજે ૬ વાગ્યાનાં સમયે તેણીનાં વાલીના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ગયાની ફરિયાદ જે તે સમયે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં તરૂણીનાં પિતાએ નોંધાવી હતી. આ બનાવમાં પોલીસે આરોપી વિરૂધ્ધ આઈપીસી કલમ ૩૭૬ તથા પોકસો એકટ કલમ ૪, ૮, ૧૮ મુજબનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગેનો કેસ સાવરકુંડલા ખાતે આવેલ સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ વિકાસભાઈ વડેરાની ધારદાર દલીલને સ્પે. પોકસો કોર્ટનાં જજ ડી.એસ. શ્રીવાસ્તવે માન્ય રાખી આરોપી નીતિન કાળુભાઈ ચૌહાણ રે. કાનાતળાવને આઈપીસી ૩૬૩, ૩૬૬માં ૭ વર્ષની સખ્ત કેદ તથા રૂા. ૧૦ હજારનો દંડ તથા આઈપીસી ૩૭૬ અને પોકસો ૪ માં આરોપીને કસુરવાન ઠરાવી ૧૦ વર્ષની સખ્ત કેદ તથા રૂા. ૧૦ હજાર દંડની સજાનો તથા આ બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂા. ૪ લાખનું વળતર ચુકવવા પણ આદેશ કર્યો હતો.
















## દેશવાસીઓ ભાજપ સરકારનાં જુઠાણાથી તોબા પોકારી ચુકયા છે

# સમગ્ર દેશમાં ભાજપનાં વિરોધમાં હવા ચાલી રહી છે : શકિતસિંહ

### ભાજપનાં પાયાનાં કાર્યકરો અને આગેવાનો આજે ડરનાં માર્યા કશું બોલી શકતા નથી

### દરેક સમાજની વ્યાજબી માંગ પૂર્ણ કરવાને બદલે બેરહેમીથી દબાવવાનો પ્રયાસ થાય છે

### બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ દિનપ્રતિદિન વધી રહી છે

### દેશનાં જાગૃત મતદારો ભાજપને સત્તા સ્થાનેથી દૂર કરવા મન બનાવી ચુકયા છે

અમદાવાદ, તા. ૨૨

પ્રેસ અને મીડીયાના મિત્રોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની વિરૂદ્ધનું વાતાવરણ છે. જયાં એમના ઉમેદવારો જાય છે ત્યાં જાકારો મળે છે. લોકો અણીયાળા પ્રશ્નો પૂછીને બેરોજગારી, પેપર ફૂટે, બ્રિજ તૂટે, ખેડૂતોને ડુંગળીના કે કપાસના ભાવ, પાણી, જીએસટી જેવા અનેક મુદ્દે પ્રશ્નોની જડી વરસાવે છે. ભાજપમાં ઘણા સમય પછી આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. ભાજપના નેતાઓ જાહેરમાં એકબીજા સામે આક્ષેપો કરે, ઉમેદવારો બદલવા પડે અને બદલ્યા પછી વધારે વર્ગવિગ્રહ ઊભો થાય, કમલમ પર ટોળાઓ ભેગા થાય, ભાજપનો પેજ પ્રમુખ કે કાર્યકર એમ કહે કે અમારે શું આવા લોકોની પાલખી ઉપાડવાની છે, જે ગઈકાલ સુધી અમને ગાળો આપતા હતા? શું અમે ગાભા પાર્ટી છીએ ? આજે ભાજપના કાર્યકર્તાઓ પણ ભાજપની વિરૂદ્ધમાં છે.

ભૂતકાળમાં એકાદો વર્ગ કયાંક વિરોધ કરતો હોય તો તેની સાથે સંવાદ નહીં પરંતુ સંઘર્ષ કરવાનો, બેરહમીથી પોલીસનો દુરૂપયોગ કરવાનો અને પછી



ભાજપ જીતતું હતું, એટલે આ વખતે પણ ભાજપને એમ હતું કે કાંઈ નહીં પરિણામ આપણી તરફેણમાં જ આવવાનું છે અને અહંકારથી કહેતા હતા કે પાંચ–પાંચ લાખની લીડથી જીતશું. હવે સમાજના તમામ વર્ગ, ધર્મ, જાતિના લોકો ભારતીય જનતા પાર્ટી સામે એક થઈને ભાજપને પાઠ ભણાવવા માંગે છે.

પાટીદાર મિત્રો એવી પોસ્ટ મૂકે છે કે, અમે જયારે ભાજપ સરકાર પાસે અમારી વાત મુકતા હતા ત્યારે અમારી સાથે સંવાદ કરવાના બદલે અમારી સામે પોલીસનો દુરૂપયોગ થયો, અમારી બહેન–દીકરીઓને ઘરમાંથી કાઢીને એમના પર લાઠીચાર્જ થયા. પાટીદાર યુવાનોએ ભાજપના નેતાને જનરલ ડાયરનું બિરૂદ આપ્યું હતું.

કોઈપણ આંદોલન ચાલે ત્યારે પોલીસે કેમ વહેવાર કરવો તે સરકાર તેને કહેતી હોય છે. હું પોતે આરોગ્ય વિભાગનો મંત્રી હતો, અમારા ડોકટર્સના આંદોલન થતાં ત્યારે હું સામેથી પોલીસને કહેતો કે સહેજ પણ બળપ્રયોગ કરશો નહીં. હું સામેથી સંવાદ કરતો અને અમે એનો રસ્તો કાઢતા. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં લોકશાહીમાં આંદોલન થાય તો પોલીસને સૂચના એવી કે મારો, પીટો. આવું પાટીદાર આંદોલન વખતે પણ એમણે કર્યુ.

જૂનાગઢમાં કોળીની દીકરી ચાંદનીનું પ્રકરણ થયું, કોળી સમાજ ન્યાયની માંગણી કરતો હતો, ત્યારે એમની સાથે સંવાદ નહીં પરંતુ સંઘર્ષ કર્યો. ભાવનગર જિલ્લાના પાલીતાણામાં એક શૈક્ષણિક સંસ્થાની ટાંકીમાં કોળીની દીકરી પડીને ડૂબી ગઈ છે એવી વાત આવી. કોળી સમાજના આગેવાનો જોવા ગયા, એમણે ફરિયાદ આપી. મને પણ ફરિયાદ કરી કે, સાહેબ, આ પાણીની ટાંકીમાં દીકરી ડૂબીને મરી શકે તેમ નથી, આની તપાસ કરાવો. ભાજપનો એક મોટું માથું આ શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલ હોવાથી કોઈ તપાસ થઈ નહીં. આજે ભાવનગર જિલ્લાના કોળી સમાજના આગેવાનો પોરબંદરમાં ઘેર–ઘેર જઈને કહી રહ્યા છે કે, આને મત નહીં આપતા.

ભાજપ સામે આદિવાસી સમાજનો પણ આક્રોશ છે, કારણ કે તેમના હકના પૈસા નકલી ઓફિસ બનાવીને ખાઈ ગયા છે. એકમાત્ર આદિવાસી મુખ્યમંત્રી કોંગ્રેસના ટેકાથી ઝારખંડમાં હતા એમને પણ ગેરકાયદેસર રીતે જેલમાં નાખ્યા છે. વન સંપત્તિ પર અધિકારનો કાયદો કોંગ્રેસ પક્ષે બનાવ્યો હતો. આદિવાસી સમાજને હજુ સુધી ગુજરાતમાં એનો રેવન્યુ રેકોર્ડ મળ્યો નથી, જેથી આદિવાસી સમાજ નારાજ છે. આદિવાસી સમાજના શિક્ષણ પ્રત્યેની બેદરકારી સરકારની છે. એક આઈ.એ.એસ. અધિકારીએ પત્ર લખ્યો કે, આદિવાસી વિસ્તારની શાળાઓમાં શિક્ષણની કકોડી હાલત છે. આદિવાસી વિસ્તારની શાળાઓમાં એક શિક્ષક હોય અને ચોથા ધોરણમાં ભણેલા બાળકને પહેલા ધોરણ જેટલું પણ નથી આવડતું, એ એમના ભવિષ્ય સાથે ગંભીર ચેડા છે. ભૂતકાળમાં ઠાકોર સમાજ સાથે પણ આવો જ વ્યવહાર થયો હતો.

અહંકાર સાથે જે રીતે રાજકોટ ભાજપના ઉમેદવારે વાત કરી તેનાથી સમગ્ર દેશની બહેન–દીકરીઓનું અપમાન થયું. કોઈપણ રાજા–મહારાજાઓ હોય, જેમાં રાજપૂતો હતા, કારડીયા સમાજના આગેવાનો હતા, કાઠી દરબારો હતા, નાડોદા સમાજના હતા, બક્ષીપંચમાં આવેલ ઘણી–બધી જ્ઞાતિના રાજા–મહારાજાઓ હતા, બ્રહ્મ સમાજમાંથી બ્રાહ્મણોના રાજા–રજવાડા હતા, આદિવાસી રાજાઓ હતા, ભીલ રાજાઓ હતા, પાટીદારોને પણ પટ્ટા મળ્યા હતા અને પાટીદારોનું પણ શાસન હતું અને કોઈપણ રાજા–મહારાજાએ પોતાની બહેન–દીકરીઓ અંગ્રેજોને નહોતી આપી. આ દેશની તમામ જ્ઞાતિ એ વ્યકિત સામે એટલા માટે ઊભી થઈ છે કે, ગામેગામ પાળીયા છે, જુદી–જુદી જ્ઞાતિઓના રાજા–મહારાજાઓ હતા, એમણે ગાય માતા માટે, માતૃભૂમિ માટે, બહેન–દીકરીઓની લાજ માટે શહીદી વહોરી હતી, છતાં તેમના માટે આવું નિવેદન આપવા છતાં ભાજપે અહંકારથી એ ઉમેદવારને નથી બદલ્યા. આ જ વ્યકિતએ ભૂતકાળમાં બનાસકાંઠામાં ચૂંટણી દરમિયાન જઈ માલધારી સમાજના વ્યકિત ચૂંટણી લડતાં હતા ત્યારે માલધારી સમાજ માટે પણ આવો જ વાણી વિલાસ કર્યો હતો.

આ બધાના કારણે ભાજપ વિરૂદ્ધ એક જુવાળ ઉભો થયો છે ત્યારે ભાજપે વિચાર્યુ કે ફ્રી એન્ડ ફેર (સ્વતંત્ર) ચૂંટણી થશે તો ભાજપનું ગુજરાતમાં દેવાળું નીકળશે એટલે ભાજપે એક તરકીબ રચી. કોઈને કોઈ પ્રકારનો નાનો મુદ્દો ઉઠાવી કોંગ્રેસ પક્ષના ઉમેદવારી ફોર્મ રદ કરાવો, સ્પર્ધા જ થવા ન દો, એટલે આપણને કોઈ હરાવી નહીં શકે. અમને પણ આની ગંધ આવી ગઈ હતી. હું આભાર માનીશ કોંગ્રેસ પાર્ટીની લીગલ ટીમનો, વોરરૂમના સાથીઓનો, જિલ્લાના આગેવાનોનો કે તેમણે ખૂબ ચીવટ રાખી, ચિંતા રાખી, એક પણ ફોર્મ રદ ન થાય તેની કાળજી રાખી. ભાજપે ૧૮ જગ્યાએ વાંધા લીધા હોવા છતાં એક પણ જગ્યાએ તેમનો વાંધો ટકયો નહીં. આજે અમરેલીમાં પણ જેનીબેન ઠુંમર સામે સાવ ખોટા વાંધાઓ લીધા હતા તે ફોર્મ પણ મંજૂર થયું. ભાવનગરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર સામે પણ વાંધા લીધા હતા. અમરેલીમાં સિનિયર એડવોકેટ પંકજ ચાંપાનેરી ગયા હતા, એમણે દલીલો કરી. ભાવનગરમાં પણ આપના ઉમેદવાર સામે વાંધા હતા, પરંતુ અમારા શહેર કોંગ્રેસ પ્રમુખ હિતેશ વ્યાસ જેવા એડવોકેટ છે, તેમણે દલીલો કરી હતી. સુરતમાં ઉમેદવારે ફોર્મ ભર્યુ એ દિવસથી ભાજપને ફાળ પડી હતી, કારણ કે સુરતમાં સૌરાષ્ટ્રવાસીઓ જેમાં ખાસ કરીને પાટીદારોની નારાજગી હતી, માલધારી સમાજના ઘણા ભાઈઓ કે જેઓ સૌરાષ્ટ્રમાં વસે છે તેમના ગૌચરો ગયા છે, માલધારીઓ સાથે ભાજપની સરકારે જે વ્યવહાર કર્યો છે તેના કારણે તેમની પણ નારાજગી હતી. બહુધા સમાજો એ ચાહે ઉના વખતે ન્યાય નહીં મેળવી શકનારા દલિત ભાઈઓ હોય, આદિવાસીઓ હોય કે બહોળી ઓબીસી અને ક્ષત્રિય સમાજમાં આવતી જ્ઞાતિઓ હોય તે તમામ લોકોનો સંપૂર્ણ વિરોધ હતો એટલે સુરતની સેઈફ સીટ હારી જવાની પણ ભીતિ હતી, જયાં જાય ત્યાં કાળા વાવટા આવે છે એટલે કાળા વાવટા નહીં ફરકાવવાના તેવો સરકારે જી.આર. કરવો પડયો છે. લોકશાહીમાં પોતાનો પ્રતિભાવ વ્યકત કરવાનો મૌલિક અધિકાર હોવા છતાં આવા કામ ભાજપ દ્વારા કરવામાં આવે.

સુરતના ઉમેદવાર નિલેશભાઈ કુંભાણી કે જેઓ યુવાનો ઉમેદવાર છે અને જીતી જશે એવો ડર લાગ્યો એટલે એમને ખરીદવાનું, એમને ડરાવવાનું કામ શરૂ થયું. સુરતના ઉમેદવારે પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું અને મને પણ કહ્યું હતું કે, એ માંગે તે રકમ આપવાનું અને સામાજિક રીતે દબાણ પણ જયાં સુધી લેવાય ત્યાં સુધી લાવવાનું કામ ભાજપ પક્ષે કર્યુ છતાં નહીં ડરેલ ઉમેદવાર સામે સામ, દામ, દંડ, ભેદ અને એનાથી પણ નીચે ઉતરીને જેને લોકશાહીમાં ગ્રાહ્ય ન રાખી શકાય તેવા પ્રકારના હથકંડાઓ શરૂ કર્યા. ટેકેદાર તરીકે સહી કરી હતી તેમની પાસે આ મારી સહી નથી એવી એફિડેવીટ કરી ઉમેદવારીના ત્રણે ફોર્મમાં ટેકેદાર તરીકે સહી કરનાર અને ડમી ફોર્મમાં ટેકેદાર તરીકે સહી કરનાર એમ ચારેય જણને પોલીસ જાપ્તા હેઠળ લઈને જાય છે. પોલીસ જાપ્તા હેઠળ એફિડેવિટ આપે છે કે આ અમારી સહી નથી અને પછી ત્યાંથી ગુમ થઈ જાય છે. નથી મીડિયાને મળવા દેતા કે નથી કોંગ્રેસ પક્ષના વ્યકિતઓને મળવા દેવાતા કે કોંગ્રેસ પક્ષના ઉમેદવારને પણ મળવા નથી દેવાતા, એને ગુમ કરી દે છે. અમે અરજી આપી કે આ પ્રકારનો દાવો ચાલી શકે નહીં. પહેલી વાત કે કોઈ વ્યકિત ના પાડે ત્યારે સામી વ્યકિતને ઉલટ તપાસનો કાયદાએ અધિકાર આપ્યો છે, જેથી અમે તેની ઉલટ તપાસ કરવા માંગીએ છીએ, જેથી એને હાજર કરો. એક દિવસનો સમય અપાય છે, એક વ્યકિત ઉમેદવારના સંપર્કમાં પણ આવે છે અને કહે છે કે હું આવી જઈશ. પરંતુ કોઈક કારણોસર ફરી એક વખત એનો ફોન બંધ કરી એને ગુમ કરી દેવાય છે. ભાજપ જો ચૂંટણી ચોખ્ખી રીતે યોજાય તો હારી જાય તેમ છે એટલે આવા હથકંડા તેમણે કર્યા છે. આજે સુરતમાં અમારા એડવોકેટો બાબુભાઈ માંગુકિયા અને જમીર શેખે ખૂબ વિસ્તારથી દલીલો કરી કે, કાયદાની જોગવાઈ મુજબ કયાંય તમે ટેકેદારની સહી ન હોય તો ફોર્મ રદ કરી શકો, પરંતુ ટેકેદાર ના પાડે કે આ મારી સહી નથી તો ફોર્મ રદ કરવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી. બીજી દલીલ કે, ટેકેદારે ફોર્મમાં કરેલ સહી અને આ મારી સહી નથી તેવી એફિડેવીટમાં કરેલ સહી બંનેને ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલો. જો આ હસ્તાક્ષર સરખા હોય તો ફોર્મ રદ ન થઈ શકે. ત્રીજી દલીલ એ કે, કોઈ પણ સાક્ષી કે વ્યકિત કાયદામાં વાત કરે ત્યારે એને ભય કે દબાણ નીચે નથી થયું તે માટે ખુલ્લા મનથી એ કહે છે કે કેમ? એની તપાસ જરૂરી હોય છે. કાયદાની પરિભાષામાં પોલીસ જાપ્તામાં આવીને કહીને ગયેલાને ફરી બોલાવો, પરંતુ તેઓને ફરી બોલાવ્યા નહીં.

આ જ પ્રકારની ઘટના કે જેમાં ટેકેદારોએ ચૂંટણી અધિકારી સમક્ષ કહ્યું કે, આ અમારી એફિડેવીટ છે કે આ ફોર્મમાં અમારી સહી નથી આ ઉમેદવારનું ફોર્મ રદ કરો. બે ટેકેદારો જાય છે. ૨૦૧૨ની ચૂંટણી દરમિયાન ૧૫૯–સુરત પૂર્વ વિધાનસભાની આ ચૂંટણી હતી. ચૂંટણી અધિકારી સામે ગીતાબેન મનોજભાઈ જરીવાલા અને મનોજ લલ્લુભાઈ જરીવાલા જઈને એફિડેવીટ આપે છે અને કહે છે કે, આના ફોર્મમાં જે સહી છે તે સહી અમે નથી કરી, જેથી આ ફોર્મ રદ કરો. અહીં સારી પરિસ્થિતિ એ કે, આ બે ટેકેદારો પોલીસ જાપ્તામાં ત્યાં નથી ગયા કે ભાગી નથી ગયા, ત્યાં જ હાજર છે અને ત્યાં જ પ્રેસ–મીડિયાને મળીને કહે છે કે, જે ઉમેદવાર છે તે કંચનુભાઈ જરીવાલાનું ફોર્મ અમારી સહી ન હોવાના કારણે રદ કરો. આ કિસ્સામાં ચૂંટણી અધિકારીના હુકમની નકલ પ્રેસ–મીડિયા સમક્ષ રજુ કરતાં શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ કેસમાં ટેકેદારોની વાંધા અરજી ચુંટણી અધિકારીએ નામંજૂર કરી હતી અને ઉમેદવારનું ફોર્મ સ્વીકારવાનો હુકમ કર્યો હતો. તે દિવસે આમ આદમી પાર્ટીના ઉમેદવાર જો ખસી જાય તો ભાજપને નુકસાન થતું હતું એટલે કાયદો જુદો અને આજે કોંગ્રેસનો ઉમેદવાર લડે તો ભાજપને નુકસાન થાય એટલે કાયદો જુદો. આવું કયાંય હોતું નથી.

આજે કોંગ્રેસ પક્ષના ઉમેદવારનું માત્ર એક કારણસર ટેકેદારોએ એફિડેવીટ આપી છે એટલે ફોર્મ રદ કર્યુ છે. ચાર મુદ્દા આમાં ઉભા થાય છે. કાયદો સૌના માટે સમાન હોય છે. બંધારણ પણ કહે છે કે, આ જ પ્રકારનો સુરત વિધાનસભાની ચુંટણીમાં નિર્ણય થયો તો આજે જુદો નિર્ણય કેમ ? જેમણે ટેકેદાર તરીકે સહી કરી છે એમણે પોતાના મતદાર કાર્ડની ઝેરોક્ષ, ફોટા બધું જ આપ્યું છે એટલે એવું નથી કે એને ખબર નથી. ચારે–ચાર વ્યકિતઓને એકસાથે સપનું આવે છે કે, અમારી સહી કયાંક ખોટી કરી છે. ચારે–ચાર વ્યકિત એક જ ટાઈપીસ્ટ પાસે જાય છે. ચારે–ચારની અરજી આઈડેન્ટીકલી એકસરખી કે આ અમારી સહી નથી. ચારે–ચાર વ્યકિત એક જ માણસ પાસે જાય છે એફીડેવીટ કરાવવા માટે નોટરી પાસે. ૫૭, ૫૮, ૫૯, ૬૦ ચારેયના નંબરો ઉપરાઉપરી એકસાથે પડે છે. આવો કયાંય સહયોગ હોઈ શકે ખરો? આ સ્પષ્ટ છે કે આ મેળાપીપણું હતું. ભાજપ સુરતમાં હાર ભાળી ગઈ. ફ્રી, ફેર એન્ડ ફિયરલેસ ઈલેકશન એ પાયાનો સિદ્ધાંત છે એનાથી આ વિરૂદ્ધ થયું છે. અમારી લીગલ ટીમ સુપ્રીમ કોર્ટ સુધી લડશે.

ચૂંટણી પંચને સવાલ કરતાં શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ તેમની તટસ્થતા જાળવી રાખે એ દેશ માટે જરૂરી છે. આઝાદી બાદ આટલાં વર્ષોમાં દુનિયાભરના દેશોએ આપણા દેશની પ્રતિષ્ઠા વધારી છે અને કહ્યું છે કે સાચી લોકશાહી કયાંય પણ ચાલી હોય તો હિન્દુસ્તાનમાં ચાલી છે. ૧૭ પાર્લામેન્ટની ચૂંટણીઓમાં અનેક વખત સત્તા પરિવર્તન થયા. કોઈ પક્ષ કે શખ્સ સત્તામાંથી બહાર પણ ગયા અને સત્તામાં ફરીને આવ્યા પણ નિષ્પક્ષ ચૂંટણી અંગે કયારેય દુનિયામાં કોઈએ સવાલ નથી કર્યા. આ વખતે દુનિયાના પ્રતિષ્ઠિત અખબારો અને દુનિયાની પ્રતિષ્ઠિત ચેનલો આપણા દેશની લોકશાહીમાં ચૂંટણી પંચ તટસ્થતાથી નથી ચાલતું તેવી વાત કરે છે, જેનાથી દેશની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે. જનતા જનાર્દન મહાન છે, ભાજપે સુરતનું એક ફોર્મ રદ કરવાની ચેષ્ટા કરી છે, પરંતુ મને વિસ છે કે, મારા વ્હાલા ગુજરાતીઓ વ્યાજ સાથે ૧ ના ૧૧ નો બદલો લેશે અને બીજી સીટો પર વધારે મક્કમતાથી કોંગ્રેસનું સમર્થન કરશે.

---

### ૧૫ બેઠકો માટે ૩૪ ઉમેદવારો વચ્ચે

## બગસરા ખાતે ચેમ્બર ઓફ કોમર્સનાં સદસ્યોની ચૂંટણી સંપન્ન થઈ

### આગામી દિવસોમાં પદાધિકારીઓની નિમણુંક કરાશે

બગસરા, તા. ૨૨

બગસરામાં જૈન ભોજન શાળા ખાતે ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણી યોજવામાં આવેલ જેમાં ૧૫ બેઠકો માટે ૩૪ ઉમેદવારો મેદાને પડતા ખરા–ખરીનો જંગ જામ્યો હતો ચૂંટણી અધિકારી તરીકે એમ.જે. વ્યાસ એડવોકેટ ઉપસ્થિત રહ્યા હતા. વિગત અનુસાર બગસરા ચેમ્બર ઓફ કોમર્સની ૧૫ બેઠકો માટે બે પેનલ તેમજ ૪ અપક્ષ ઉમેદવારો સહિત કુલ ૩૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવેલ. ૬૦૫ મતદારો ધરાવતી ચેમ્બર ની ચૂંટણી આજરોજ જૈન ભોજનશાળા ખાતે સવારે ૮:૦૦થી શરૂ થયેલ. ઘણા વર્ષોથી ચેમ્બર કોમર્સમાં એકના એક સભ્યો હતા પરંતુ ચાલુ વર્ષે બીજા નવા ચહેરા મેદાનમાં ઉતરતા મતદારો માં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

૧૯૮૭ થી ચેમ્બર ઓફ કોમર્સની સંસ્થાની સ્થાપના થઈ હતી ૪૧ વર્ષ થયા. વર્ષોથી ચેમ્બર ઓફ કોમર્સનું અસ્તિત્વ હોવા છતાં વેપારીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા નવા ઉમેદવારો લોક પ્રશ્નોને વાચા આપવા તેમજ બગસરામાં થતા ભ્રષ્ટાચાર સામે જંગે ચડ્યા હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં ચાલતા સરકારી કામોમાં બેફામ ભ્રષ્ટાચાર રોકવા ઉમેદવારો જંગે ચડિયા છે. તેમાં જીતેલા ઉમેદવારો ના નામ ઘોષિત. ચૂંટણી અધિકારી મહેશભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ જેમાં. દિનેશભાઈ હડિયલ વિપુલ પંડ્યા ચિરાગભાઈ પરમાર અનિલભાઈ શેખ નાગજીભાઈ રાદડિયા જયેશભાઈ પંડ્યા જમાલભાઈ સરવૈયા રૂપેશ રૂપારેલીયા નાગભાઈ ધાધલ નિલેશભાઈ દેસાણી રાહુલભાઈ રૂપડા ગેરાંગભાઈ ચુડાસમા ભરતભાઈ ભાલાળા જીગ્નેશભાઈ બાબરીયા સહિતના ૧૫ ઉમેદવારો જીત્યા હતા તેમજ સાધારણ સભાનું આયોજન કરેલ જેમાં પ્રકાશભાઈ રાણીંગા, વિનુભાઈ ભરખડા, રશ્મીનભાઈ ડોડીયા, નટુભાઈ ભુપ્તાણી, વિકાસભાઈ મોદી ભરતભાઈ ભાલાળા, જે. બી. કિકાણી, નાગભાઈ ધાધલ સહિતના અધ્યક્ષ સ્થાને સાધારણ સભા યોજી હતી.

---

### પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે કલેકટર સમક્ષ માંગ કરી

## અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર બરોડા બેન્કની લોનની માહિતી જાહેર કરે

### કરોડો રૂપિયાની લોન માંડવાળની વિગતોને લઈને વિવાદ

અમરેલી, તા. ૨૨

અમરેલીનાં પૂર્વ સાસંદ વિરજી ઠુંમરે કલેકટરને પત્ર પાઠવ્યો છે.

પત્રમાં જણાવેલ છે કે, ભાજપ પક્ષના ઉમેદવાર ભરતભાઈ મનુભાઈ સુતરીયા કે જેઓ મારૂતિનંદન કોટન ઈન્ડિસ્ટ્રીઝ હરીપરા તા. લાઠીના પાર્ટનગર અને ગેરેન્ટર હતા અને જેઓ વિલકુલ ડીફોલ્ટ થતા બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલી દ્વારા આપ સાહેબ સમક્ષ તા. ૮/૮/૨૦૧૯ ના રોજ સરફેસી એકટ અન્વયે રૂા. ૭,૦૬,૪૬,૦૦૦/– વસુલ મેળવવા અંગેની અરજ ગુજારવામાં આવેલ હતી અને કલેકટર કચેરી અમરેલી ધ્વારા સદરહુ રકમ બેંક ઓફ બરોડા અમરેલીને વસુલ આપવા અન્યથા મારૂતિનંદન કોટન ઈન્ડિસ્ટ્રીઝમાં મોર્ગેજ કરવામાં આવેલ પ્રોપર્ટીનો કબ્જો બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલીને સોંપી આપવા હુકમ કરવામાં આવેલ છે.

ઉપકરોત હુકમ અંગેની કોઈ માહિતી ભાજપ પક્ષના ઉમેદવાર ભરતભાઈ મનુભાઈ સુતરીયા ધ્વારા તેમના એફિડેવિટમાં જણાવવામાં આવેલ નથી તેમજ ભાજપ પક્ષના ઉમેદવાર ભરતભાઈ મનુભાઈ સુતરીયા રૂા. ૭,૦૬,૪૬,૦૦૦/– બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલીને ચુકવવાના હતા તે અંગે તેમના ધ્વારા બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે અને કેટલી રકમની બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલીએ માંડવાળ કરવી પડેલ છે. જે માંડવાળ કરવામાં આવેલ રકમની માહિતી પણ જાહેર જીવનમાં વ્યકિત હોય સુપ્રિમ કોર્ટ અને ચુંટણીપંચની માર્ગદર્શિકા મુજબ જાહેર જનતા જોગ જાહેર કરવી જોઈએ કેમકે બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલી ધ્વારા જે કરોડોની રકમની માંડવાળ કરવામાં આવેલ છે તે રકમ પબ્લિક મની હોય તેવા સંજોગોમાં સત્વરે રેકોર્ડ પરની વિગતો ભાજપ પક્ષના ઉમેદવાર ભરતભાઈ મનુભાઈ સુતરીયા ધ્વારા સોગંદ પર પબ્લિક મનીની કરોડોમાં જે રકમની બેંક ઓફ બરોડા મેઈન બ્રાંચ અમરેલીએ માંડવાળ કરેલ છે તે રકમ જાહેર જનતા જોગ જાહેર કરે તેવો હુકમ કરવા અંતમાં માંગ કરેલ છે.

---

## અમરેલી : જિલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા અર્થ ડેની ડીસ્ટ્રીકટ કોર્ટ ખાતે ઉજવણી

અમરેલી, તા. ૨૨

ડીસ્ટ્રીકટ કોર્ટ, ખાતે અર્થ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ અર્થ ડે ની ઉજવણી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં અધ્યક્ષ અને ડીસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારી તથા ફુલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ કોર્ટ પરિસરમાં વૃક્ષારોપણ કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં એડીશનલ સેશન્સ જજ વાય.એ. ભાવસાર તથા સિવીલ જજ એલ.આઈ. વાઘવા, એસ.એમ.પટેલ, કે.બી. પરમાર,



ડી.બી.ગઢવી તથા એલ. એ.ડી.સી. કચેરીનાં એડવોકેટ તથા સ્ટાફએ હાજર રહી વિવિધ દેશી કુળનાં છોડનું વૃક્ષારોપણ કરેલ હતુ. કાર્યક્રમને અંતે ડીસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારીએ વૃક્ષોની માનવજીવન માટે અનિવાર્યતા અંગે સમજ આપી હતી. તેમજ તાલુકા અદાલતોમાં પણ જયુડીશીયલ ઓફિસરો અને વકીલ મંડળ તથા કોર્ટ સ્ટાફ દ્વારા કોર્ટ કમ્પાઉન્ડમાં વૃક્ષરોપણ કરી અર્થ ડેની અર્થસભર ઉજવણી કરવામાં આવી હતી. આ અર્થ ડેની ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં સ્ટાફ તથા ડીસ્ટ્રીકટ કોર્ટનાં સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

---

## રીંગણીયાળા અને છાપરી ગામના શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

અમરેલી, તા. ૨૨

અમરેલી તા. ૧૪– અમરેલી લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લમાં લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે તા. ૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (એસ.વી.ઈ.ઈ.પી.)અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટી.આઈ.પી.) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવાની કામગીરી શરૂ છે. રાજુલા તાલુકાના રીંગણીયાળા અને છાપરી ખાતે શ્રમકાર્ય કરતા શ્રમિકોને "મતદાર જાગૃતિ અભિયાન" કાર્યક્રમનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શ્રીમકોને મતદાન કરવા અને તેમના આસપાસ હોય તેવા નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા આપવા જાગૃત કરવામાં આવ્યા. અમરેલી શહેરી વિસ્તારમાં મતદાતા જાગૃતિ કાર્યકૂમ અન્વયે નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું. ચૂંટણી ફરજ પરના અધિકારી– કર્મચારીઓ અને મતદાતાઓએ અચૂક મતદાનના શપથ લીધા હતા.

---

### અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

## હે રામ : ભાજપનાં રાજમાં બેરોજગારીએ ચરમસીમા વટાવી : યુવાનોનું ભાવિ અંધકારમય

### હતાશ બનેલ યુવાનો આત્મહત્યા કરવા મજબુર બન્યા

અમરેલી, તા. ૨૨

કેન્દ્રમાં છેલ્લા ૧૦ વર્ષથી ભાજપની સરકાર છે અને ભાજપના રાજમાં ભારત દેશનો શિક્ષિત યુવાન સરકારી નોકરી માટે દર–દર ભટકી રહ્યો છે, ભારત દેશને આઝાદી મળી ત્યારથી અત્યાર સુધીમાં સૌથી વધુ બેરોજગારીનો દર નરેન્દ્ર મોદીની સરકારમાં જોવા મળે છે, આજે સમગ્ર ભારત દેશમાં યુવાનો ભણી–ગણીને ડિગ્રી મેળવ્યા બાદ સરકારી નોકરીની રાહમાં પોતાની યુવાની ગુમાવી રહ્યા છે, છતાં પણ સરકારી નોકરી મળતી નથી અને સરકારી નોકરી ન મળવાને લીધે યુવાનોને લગ્ન માટે છોકરીઓ



પણ મળતી નથી, પરિણામે યુવાનો હતાશ બનીને આત્મહત્યા કરવા તરફ વળી જાય છે, ભાજપની સરકાર શિક્ષિત યુવાનોને સરકારી અને કાયમી નોકરી આપવાના બદલે ૧૧ મહિનાની કરાર આધારિત ભરતી કરીને યુવાનોનું શોષણ કરવાનું કામ કરી રહી છે, આજે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની લાખો સરકારી જગ્યાઓ ખાલી પડેલ હોવા છતાં પણ ભાજપની સરકાર ભરતી કરતી નથી, માત્ર ને માત્ર યુવાનોના સપનાઓ રોળવાનું કામ કરી રહી છે, આમ સરકારી નોકરીના અભાવે ભારત દેશમાં મોદી સરકારમાં બેરોજગારોનો રાફડો ફાટ્યો છે જેનો જવાબ ભારત દેશનો શિક્ષિત બેરોજગાર યુવાન ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં ભાજપની વિઢદ્ધ મતદાન કરીને જરૂર આપશે.

### લોકસભામાં ભાજપની પ્રથમ જીત

# સુરત બેઠકથી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ વિજેતા

## મુકેશ દલાલને સાંસદ તરીકેનું સર્ટીફિકેટ આપવામાં આવ્યું : ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે મુકેશ દલાલને મીઠાઈ ખવડાવીને અભિનંદન આપ્યા

સુરત, તા.૨૨

આ વખતની લોકસભાની ચૂંટણીમાં સુરતમાં રાજકારણીઓએ એક એવું નાટક ભજવ્યું છે જેની ઘણા દિવસો સુધી ચર્ચા ચાલશે. સુરતમાં ભાજપ ચૂંટણી લડ્યા વગર જ જીતી ગયું છે કારણ કે ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ છે અને તેમની સામે કોઈ ઉમેદવાર નથી. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવામાં આવ્યા પછી તેમના ડમી ઉમેદવારનું ફોર્મ પણ રદ થયું હતું અને બાકીના તમામ ઉમેદવારોએ પણ પોતાની દાવેદારી પાછી ખેંચી લીધી છે. તેથી મુકેશ દલાલ સામે કોઈ ચેલેન્જ રહેતી નથી.સુરત લોકસભાની ચૂંટણીને લઈને મહત્ત્વની માહિતી સામે આવી છે. મુકેશ દલાલને સાંસદ તરીકેનું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે. મુકેશ દલાલ મતદાન પહેલા સુરતના સાંસદ બન્યા છે. ચૂંટણી અધિકારીએ મુકેશ દલાલને જીતનું સર્ટીફિકેટ આપ્યું છે. મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલે એક્સ (અગાઉ ટ્વિટર)પર લખ્યું, સુરત લોકસભા બેઠકના ઉમેદવાર શ્રી મુકેશભાઈ દલાલને બિનહરીફ ચૂંટાવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ. લોકસભા ચૂંટણીમાં ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ભારતીય જનતા પાર્ટીના ઐતિહાસિક વિજયની આ શરૂઆત છે. ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર ભાજપાના પ્રચંડ વિજય સાથે કમળ ખીલવાનો અને માનનીય મોદીજીના નેતૃત્વમાં #AbKiBaar400Paar નો સંકલ્પ સાકાર થવાનો આ સ્પષ્ટ સંકેત છે. સુરતમાં ભાજપના મુકેશ દલાલ સહિત કુલ ૯ ઉમેદવારો મેદાનમાં હતા, જેમાં ચાર અપક્ષ અને ચાર અન્ય પક્ષના ઉમેદવારો હતા. સોમવારે બસપાના ઉમેદવાર પ્યારેલાલે પણ ફોર્મ પાછું ખેંચી લીધું છે તેથી ચૂંટણી જેવું કંઈ રહેતું નથી. બસપાના પ્યારેલાલ ભારતીએ કલેક્ટર અને એસપીને પત્ર લખીને પોલીસ રક્ષણ માંગ્યુ હતું. મુકેશ દલાલ બિનહરીફ થવાના સંકેત વચ્ચે પ્યારેલાલનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો અને તેમના ઘરે પણ તાળું હતું. ત્યાર પછી તેમણે ફોર્મ ખેંચી લીધું તે વાત સ્પષ્ટ થઈ ગઈ હતી. આ સાથે સુરત એ દેશની પહેલી બિનહરીફ બેઠક બની છે અને ભાજપની જીત થઈ છે. સુરતમાં ગઈકાલે બપોર સુધી કોંગ્રેસના ઉમેદવારના ફોર્મને લઈને ધમાલ ચાલી હતી. તેમાં જિલ્લા કલેકટરે કોંગ્રેસના નિલેશ કુંભાણી અને તેમના ડમી ઉમેદવારનુ ફોર્મ રદ કર્યું હતું. હવે મુકેશ દલાલ સિવાય કોઈ ઉમેદવાર નથી તેથી સુરતમાં કોંગ્રેસ ૭૩ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ચૂંટણી લડી શકશે નહીં. કોંગ્રેસના કાર્યકરો ગુસ્સામાં છે કારણ કે ૧૯૫૧થી અત્યાર સુધી સુરતમાં ૧૭ ચૂંટણી થઈ જેમાં દર વખતે કોંગ્રેસે ભાગ લીધો હતો. પરંતુ આ વખતે તેની નામોશીજનક સ્થિતિ છે.

છેલ્લા બે દિવસથી સુરતનો મુદ્દો દેશભરમાં ગાજ્યો છે. સુરત બેઠક પર ભાજપના મુકેશ દલાલની જીત નિશ્ચિત માનવામાં આવતી હતી ત્યારે આટલી મોટી ગેમ રમવાની શી જરૂર હતી તેવા સવાલ થાય છે. એવું કહેવાય છે કે આ વખતે જીત કરતા પણ લીડનું માર્જિન મોટો મુદ્દો છે. સી આર પાટીલે બધાને પાંચ લાખ વોટના માર્જિનથી જીતવા આહ્વાન કર્યું છે તેથી હરીફાઈમાં કોઈ ઉમેદવાર જ ન હોય તેવો પ્રયાસ થયો છે જેથી સૌથી મોટી લીડ મળી શકે. તેના કારણે તોડજોડની રાજનીતિ મોટા પાયે થઈ છે. અપક્ષ ઉમેદવારોને બેસી જવા માટે સમજાવવામાં આવ્યા હતા અને તેનું પરિણામ એ આવ્યું કે ભાજપના ઉમેદવાર સામે કોઈ ચેલેન્જ જ રહી ન હોવાથી હવે તેઓ બિનહરીફ છે અને ભાજપ અનૌપચારિક રીતે આ બેઠક જીતી ગયું છે.

### કોંગ્રેસના ૨૦ સાંસદ આ રીતે જીતી ચૂક્યા છે

# ગુજરાતમાં પહેલીવાર કોઈ બેઠક પર બિનહરીફ જીત

## સૌથી વધુ ૧૯૬૨માં ૪૭ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાયા

## સૌથી વધુ બિનહરીફ જીતવાનો તાજ કોંગ્રેસના નામે

નવી દિલ્હી, તા.૨૨

ગુજરાતમાં સાતમી મેએ લોકસભા ચૂંટણીનું મતદાન યોજાય તે પહેલા સુરત બેઠક પર ભાજપે ઈતિહાસ સર્જ્યો છે. આ બેઠક પરથી કુલ આઠ ઉમેદવારે ફોર્મ પાછું ખેંચતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. અત્યાર સુધી લોકસભા ચૂંટણીઓમાં ગુજરાતની સુરત બેઠકના મુકેશ દલાલ સહિત કુલ ૨૯ સાંસદ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે, જેમાં કોંગ્રેસના ૨૦ સાંસદોનો પણ સમાવેશ થાય છે.

લોકસભા ચૂંટણીમાં બિનહરીફની સ્થિતિ?

- લોકસભા ચૂંટણીમાં અત્યાર સુધી ૨૯ સાંસદો બિનહરીફ ચૂંટાયા છે.
- પ્રથમ અને બીજી સામાન્ય ચૂંટણીમાં પાંચ સાંસદો બિનહરીફ ચૂંટાયા હતા.
- ૧૯૬૭ની ચોથી સામાન્ય ચૂંટણીમાં પણ પાંચ સાંસદો બિનહરીફ ચૂંટાયા હતા.
- અત્યાર સુધી જમ્મુ અને કાશ્મીરમાંથી સૌથી વધુ ચાર સાંસદો બિનહરીફ ચૂંટાયા છે.
- ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, આસામ સહિત સાત રાજ્યોમાં બે-બે સાંસદો બિનહરીફ ચૂંટાઈ ચૂક્યા છે.
- સૌથી વધુ સિક્કિમ અને શ્રીનગરમાં બે-બે વખત ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે.

દેશમાં વર્ષ ૧૯૫૧-૫૨ લોકસભા ચૂંટણીની શરૂઆત થયા બાદ અત્યાર સુધીમાં કોંગ્રેસના ૨૦ સાંસદો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે, જ્યારે ત્યારબાદ નેશનલ કોન્ફરન્સ અને સમાજવાદી પાર્ટીના બે-બે સાંસદો બિનહરીફ ચૂંટાયા છે, ત્યારે ભાજપના કોઈ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા હોય તેવું ૨૦૨૪ની ચૂંટણીમાં પહેલીવાર બન્યું છે. વિધાનસભા ચૂંટણીની ઈતિહાસની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૨૯૮ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાયા આવ્યા છે, જેમાં સૌથી વધુ નાગાલેન્ડના ૭૭ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. ત્યારબાદ જમ્મુ-કાશ્મીરના ૬૩ ધારાસભ્યો, અરુણાચલ પ્રદેશમાંથી ૪૦, આંધ્રપ્રદેશમાંથી ૩૪, આસામમાંથી ૧૮ ધારાસભ્યો, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના છ-છ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. અત્યાર સુધીની વિધાનસભા ચૂંટણીઓમાં વર્ષ ૧૯૬૨માં સૌથી વધુ ૪૭ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હોવાનો રેકોર્ડ નોંધાયેલો છે. ત્યારબાદ ૧૯૯૮માં ૪૫ ધારાસભ્યો અને ૧૯૬૭અને ૧૯૭૨માં ૩૩-૩૩ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. તાજેતરમાં જ અરૂણાચલ પ્રદેશમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી પેમા ખાંડુ સહિત ૧૦ ભાજપ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓમાં અત્યાર સુધીમાં કયા પક્ષના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા? તે અંગે વાત કરીએ તો અત્યાર સુધીમાં સૌથી વધુ કોંગ્રેસના ૧૯૫ ધારાસભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જ્યારે બીજા નંબરે નેશનલ કોન્ફરન્સનું નામ આવે છે, તેના અત્યાર સુધીમાં કુલ ૩૪ ધારાસભ્ય બિનહરીફ ચૂંટાયા છે. જ્યારે BJPના અત્યાર સુધીમાં ૧૫ અને ૨૯ અપક્ષ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવેલા છે.

### ૪૦૦ પારના લક્ષ્યાંકની પ્રથમ જીત : પાટીલ

# ચૂંટણી પહેલા ભાજપની સૌથી મોટી જીત : પાટીલ

## પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે જીત પર ખુશી વ્યક્ત કરી

સુરત, તા.૨૨

ગુજરાતમાં લોક સભા ચૂંટણી થાય તે પહેલા જ સુરતમાંથી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિન હરીફ જાહેર થઈ ગયા છે. રવિવારે સુરતના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવામાં આવ્યુ હતુ. જે બાદ આજે સોમવારે તમામ અન્ય પક્ષના ઉમેદવારોએ પણ એક બાદ એક ઉમેદવારી પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે. જે બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે જીત પર ખુશી વ્યક્ત કરી હતી.સી. આર. પાટીલે કહ્યું કે, આજે લોકસભાની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર અને તેમના ડમી ઉમેદવાર, બન્નેના ફોર્મ રદ થયા હતા. તે પછી ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ અને અન્ય ૮ ઉમેદવારો હરીફાઈમાં હતા. તેઓ કેટલીક પાર્ટી અને અપક્ષ ઉમેદવારો હતા. તેમણે આજે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાને કારણે સુરત કલેક્ટર દ્વારા મુકેશ દલાલ (૨૪, સુરત લોકસભાના ઉમેદવાર)ને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે. ચૂંટણી પહેલા જ જેવી રીતે કોંગ્રેસે ડ્રામા કર્યો. પહેલો આક્ષેપ કર્યો કે તેમના ઉમેદવારના ટેકેદારોનું અપહરણ થયું છે. ઉમેદવારે પોતે એ વાતનું ખંડન કર્યું. તેમણે વહીવટીતંત્ર પર ખોટી રીતે પ્રેશર લાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ હકીકત સામે આવી છે. મુકેશ દલાલ બિનહરીફ જાહેર થયા છે. હું મુકેશ દલાલ અને સૌ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન આપુ છુ. સુરતની લોકસભાની સીટ એ ભાજપના ૪૦૦ને પારના લક્ષ્યાંકની પહેલી જીત છે. અમે આ જીત પીએમ મોદીને અર્પણ કરીએ છે. સાથે જ વિશ્વાસ અપાવીએ છે કે, સુરત સિવાયની ૨૫ સીટો પણ જીતીને ગુજરાતના ૨૬ કમળ પીએમ મોદીને અર્પણ કરવાના છીએ.સુરત લોકસભા સીટ અંગે ચૂંટણી કમિશ્નર દ્વારા મારી જે જાહેરાત કરવામાં આવી છે અને ગુજરાત અને દેશમાં પહેલું કમળ ખીલ્યું છે તે પીએમ મોદીના ચરણોમાં અર્પણ કરુ છુ. આ જીત પીએ મોદીના લક્ષ્યાંક 'અબ કી બાર ૪૦૦ પાર' તે દિશામાં પહેલું પગલું છે.

### UGCએ બનાવી ત્રણ નવી કેટેગરી

# ગ્રેજ્યુએશન કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ગુડ ન્યૂઝ : PhDમાં સીધું મળશે એડમિશન

## UGC-NETના સિલેબસમાં ફેરફારની શક્યતાઓ

નવી દિલ્હી, તા.૨૨

યુનિવર્સિટી-કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક અને જુનિયર રિસર્ચ ફેલોશિપ (JRF) માટે UGC-NET જૂન ૨૦૨૪ માટે ઓનલાઈન અરજીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. MUGC ના અધ્યક્ષ પ્રો. એમ. જગદીશ કુમારે જણાવ્યું કે ચાર વર્ષની બેચલર ડિગ્રી કરી રહેલા જે વિદ્યાર્થીઓ હાલમાં ૮માં સેમેસ્ટરમાં છે તેઓ હવે સીધા PhD માટે અરજી કરી શકશે. તેના માટે કુલ ૭૫% માર્કસ અથવા તેના સમકક્ષ ગ્રેડ હોવો જરૂરી છે. ૧૬મી જૂનના રોજ UGC-NETની પરીક્ષા છે. કુમારે કહ્યું કે, આવા ઉમેદવારો જે વિષયમાં PhD કરવા માગે છે તેના માટે પેપર આપી શકે છે. ભલે તેમણે કોઈ પણ વિષયમાં ચાર વર્ષની ગ્રેજ્યુએશન ડિગ્રી કરી હોય. SC, ST, NOBC (નોન-ક્રીમી લેયર), દિવ્યાંગ, આર્થિક રીતે નબળો વર્ગ અને અન્ય કેટેગરીના ઉમેદવારો માટે ૫% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડની છૂટ આપવામાં આવી શકે છે. ૨૦૨૪-૨૫ થી યુનિવર્સિટીઓ પાસે એ તક હશે કે તેઓ માત્ર નેટ સ્કોરના આધાર પર જ PhDમાં એડમિશન આપે. UGCએ ત્રણ કેટેગરી બનાવી છે. પ્રથમ કેટેગરીમાં તે વિદ્યાર્થીઓ હશે જેઓ પીએચડીમાં એડમિશન, જેઆરએફ અને આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક માટે પાત્ર હશે. બીજી કેટેગરીમાં એવા ઉમેદવારો હશે જેઓ PhDમાં એડમિશન અને આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂક માટે પાત્ર હશે અને ત્રીજી કેટેગરીમાં એવા ઉમેદવારો હશે જેઓ માત્ર PhDમાં એડમિશન માટે પાત્ર હશે. બીજી અને ત્રીજી કેટેગરીમાં NET ક્વોલિફાય વિદ્યાર્થીઓને NET સ્કોર અને ઈન્ટરવ્યુના આધારે એડમિશન મળશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને ધ્યાનમાં રાખતા UGC સિંગલ નેશનલ એન્ટ્રન્સ ટેસ્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. UGC-NET વર્ષમાં બે વાર યોજાતી હોવાથી વિદ્યાર્થીઓને બે તક મળશે. નેટ પરીક્ષામાં મેળવેલ સ્કોર PhD એડમિશન માટે એક વર્ષ માટે માન્ય રહેશે. UGC-NETના સિલેબસમાં ફેરફારની પ્રક્રિયા ચાલી રહી છે.

### રાજપૂતોનો વિરોધ આસમાને

# રૂપાલા સામે આંદોલનમાં હવે તમામ સમાજને સાથે લેવાની બનાવાઈ રણનીતિ

## સાબરકાંઠામાં ધારાસભ્યને ધક્કે ચઢાવ્યા, આણંદ-વિરમગામમાં પણ વિરોધ

અમદાવાદ, તા.૨૨

રાજપૂતોનો વિરોધ આસમાને છે. સતત વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.હવે રાજપૂત ફજી ભાજપની લડાઈ થઈ ગઈ છે. આવું એટલા માટે કારણ કે ઠેર ઠેર ભાજપના કાર્યક્રમ સ્થળ પર હલ્લાબોલ થઈ રહ્યું છે. અને યુવાઓ સ્થળ પર જઈને રૂપાલા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી રહ્યા છે. અનેક સ્થળ પર પ્રદર્શનકારીઓની અટકાયત પણ કરવામાં આવી હતી.રાજકોટથી શરૂ થયેલ ક્ષત્રિયોનું વિરોધ પ્રદર્શન પહેલા સૌરાષ્ટ્ર અને હવે આખા ગુજરાતમાં થઈ રહ્યું છે. વિરોધની આગ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ બરાબરની ફેલાઈ છે. સાબરકાંઠામાં ક્ષત્રિયોએ વિરોધ પ્રદર્શન કર્યુ. જ્યારે વિરમગામમાં પણ રાજપૂતોનો આક્રોશ જોવા મળ્યો. આ બંન્ને દ્રશ્યો સતત વધી રહેલા રાજપૂતોના આક્રોશની ચાડી ખાય છે. હવે ગુજરાતમાં ૧૫ દિવસ જ ચૂંટણીને બાકી છે ત્યારે રાજપૂતો પોતાની માગ સાથે અડગ હતા છે અને રહેશે તેવો આક્રમક અંદાજ જોવા મળી રહ્યો છે. હવે બની રહેલ વિરોધની ઘટનાઓમાં કોંગ્રેસના કાર્યકરો અને રાજપૂત સમાજના આગેવાનો સાથે રહીને વિરોધ કરતા જોવા મળી રહ્યા છે. વિરમગામની વાત કરીએ તો અહિં ચૂંટણી સંદર્ભે ભાજપની સભા ચાલી રહી હતી. નેતાજીઓ સ્ટેજ પર હતા અને તેમના સમર્થકો સાંભળી રહ્યા હતા પરંતુ ત્યાં જ ચાલુ સભામાં રાજપૂત સમાજના યુવકો મોટી સંખ્યામાં ત્યાં આવી પહોંચ્યા અને પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વિરોધ કરી રહેલા તમામ લોકો યુવા હતા. અહીં તેઓ આવ્યા બાદમાં રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. આ બેઠકમાં ઉપસ્થિત તમામ લોકો કાંતો વેપારીઓ કાંતો સામાન્ય નાગરીક હતા. આ ઘટના બની ત્યારબાદ પોલીસ પણ તુરંત એક્શનમાં આવી ગઈ હતી. પોલીસ દ્વારા ઘટનાસ્થળેથી લગભગ ૧૦ જેટલા યુવકોને અટકાવવામાં આવ્યા હતા અને તમામ ૧૦ લોકો સામે અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ જ્યાં જ્યાં ભાજપના કાર્યક્રમ થાય તે તમામ જગ્યાએ રાજપૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યા છે. અને આવનારા ૧૫ દિવસ સુધી આ જ સ્થિતિ જોવા મળી શકે છે. કારણ કે રાજપૂત સમાજ હવે આરપારની લડાઈમાં આવી ગયો છે.

આ તરફ સાબરકાંઠામાં પણ રૂપાલાને લીધે રાજપૂતો સતત વિરોધ કરી રહ્યા છે. વડાલીમાં ભાજપ ચૂંટણી પ્રચાર સંદર્ભે કાર્યાલયનું ઉદ્ઘાટન કરવાની હતી..અને તે માટે ભાજપના ધારાસભ્ય રમણલાલ વોરા પહોંચ્યા હતા પરંતુ અહિં રાજપૂત સમાજ દ્વારા બરાબરનો વિરોધ કરવામાં આવ્યો હતો. લોકો મોટી સંખ્યામાં પહોંચી ગયા હતા અને ભાજપ તથા રમણલાલ વોરાનો વિરોધ કર્યો હતો. રમણલાલ વોરા સાથે પ્રદર્શનકારીઓએ ધક્કામુક્કી પણ કરી હતી.

### હજુ છ તબક્કા કાળઝાળ ગરમીમાં યોજાશે

# પહેલા તબક્કામાં ગરમીને લઈ ઓછા મતદાનથી ચૂંટણી પંચ પણ ચિંતિત

## દેશના કેટલાક ભાગમાં હીટવેવની આગાહીને પગલે, ચૂંટણી પંચની હવામાન વિભાગના અધિકારીઓ સાથે બેઠક

નવી દિલ્હી, તા.૨૨

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતાં ઓછું મતદાન નોંધાયું હતું. જે બાદ ચૂંટણી પંચે મતદાનની નોંધાયેલ ઓછી ટકાવારી પર ચિંતા વ્યક્ત કરી છે. મોટાભાગના રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ હીટ વેવને લઈને વ્યવસ્થા સુધારવાની ખાતરી આપી છે. રાજ્ય સરકારો પણ હવે પછીના તબક્કાઓના મતદાન સમયે વધુ સારી વ્યવસ્થા માટે પગલાં લેશે. સૂત્રોના હવાલાથી આ માહિતી બહાર આવી છે.

દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં વધુ તાપમાન અને ગરમીના મોજાની આગાહીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ આજે સોમવારે સવારથી તમામ સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી રહ્યું છે. મિટિંગમાં ગરમીમાં મતદાન વધે તે માટે અને હીટવેવેના કારણે ઊભુ થનારુ જોખમ ઘટાડવાના ઉપાયો અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

આ બેઠકમાં હવામાન વિભાગ, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. દેશમાં હજુ છ તબક્કાનુ મતદાન યોજાવાનુ બાકી છે. બીજા તબક્કાનું મતદાન આગામી ૨૬મી એપ્રિલે યોજાનાર છે.હવામાન વિજ્ઞાનના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું, 'IMD ચૂંટણી પંચના સતત સંપર્કમાં છે. હવામાનને લગતી આગાહી સાથે, અમે પ્રતિમાસ, સાપ્તાહિક અને દૈનિક આગાહીઓ કરીએ છીએ. ચૂંટણી પંચ સહીતના મહત્વના તમામ સરકારી વિભાગોને હીટવેવ અને ભેજના પ્રમાણ અંગેની આગાહી આપીએ છીએ. અમે ચૂંટણી પંચને એવા સ્થાનો વિશે ઈનપુટ્સ અને આગાહીઓ આપી રહ્યા છીએ જ્યાં ચૂંટણી બહુવિધ તબક્કામાં યોજાવાની છે. આ અગાઉ ગત, ૧૧ એપ્રિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી ઉનાળાની ઋતુની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમને એપ્રિલથી જૂન ૨૦૨૪ના સમયગાળા માટેના તાપમાન વિશે માહિતી આપવામાં આવી હતી, જેમાં આગામી ઉનાળાના દિવસોમાં તાપમાનના પ્રમાણ, હીટવેવ સહીત ઉનાળા સિઝનની આગાહીઓ પણ સામેલ છે. આ પછી, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે.

પત્રકારોને સંબોધતા મહાપાત્રા કહ્યું છે કે આ ગરમીની મોસમમાં, પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ઉત્તર ઓડિશાના કેટલાક ભાગોમાં તાપમાન ઊંચુ રહેવાનું છે. હીટવેવની અસર વિશે વાત કરતા IMDના ડાયરેક્ટર જનરલે કહ્યું કે હીટવેવ દરમિયાન તાપમાનમાં વધારો થવાનું જોખમ ઊભું થાય છે. વૃદ્ધ લોકો, બાળકો અને પહેલાથી જ બીમાર લોકોને હીટવેવ દરમિયાન સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

### પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડમાં મોટો ચુકાદો

# પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગે કરેલી આશરે ૨૪ હજાર ભરતી રદ

## હાઈકોર્ટે ચુકાદો આપ્યો: તમામ ભરતી માટે રૂપિયા પાંચથી ૧૫ લાખ સુધીની લાંચ લીધી હોવાનો આરોપ છે

કોલકાતા, તા.૨૨

સરકારી સ્કૂલ શિક્ષક ભરતી કૌભાંડમાં પશ્ચિમ બંગાળ સરકારને કલકત્તા હાઈકોર્ટનો મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગે કરેલી આશરે ૨૪ હજાર ભરતી જ રદ કરી દીધી છે. આ તમામ ભરતી માટે રૂ. પાંચથી ૧૫ લાખ સુધીની લાંચ લીધી હોવાનો આરોપ છે. આ ભરતી કૌભાંડમાં પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી, તૃણમૂલના કેટલાક પદાધિકારીઓ તેમજ રાજ્ય શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ જેલમાં છે. કોલકાતા હાઈકોર્ટના આદેશ પછી ઈડી અને સીબીઆઈએ આ તપાસ હાથ ધરી હતી.અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૧૪માં પશ્ચિમ બંગાળના સ્ટાફ સિલેક્શન કમિશને શિક્ષકોની ભરતી માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. તે સમયે પશ્ચિમ બંગાળના શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી હતા. આ ભરતી પ્રક્રિયા ૨૦૧૬માં શરૂ થઈ હતી. પરંતુ અરજદારોએ ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ લગાવ્યા હતા અને કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજદારોનો આક્ષેપ હતો કે, ઓછા નંબરો હોવા છતાં, નોકરીઓ આપવામાં આવી હતી, જ્યારે નોકરી મેળવનાર મોટાભાગના લોકોએ ટેટ પાસ કરી ન હતી.લગભગ પાંચ વર્ષ સુધી આ મામલાની સુનાવણી ચાલી હતી. બાદ મે ૨૦૨૨માં હાઈકોર્ટે સીબીઆઈને આ ભરતીની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. ફરિયાદીઓએ ભરતી માટે ૫થી ૧૫ લાખ રૂપિયાની લાંચ લેવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. આવી સ્થિતિમાં ઈડીએ મની લોન્ડરિંગના એંગલથી પણ શિક્ષક ભરતી કૌભાંડની તપાસ કરી હતી. પુરાવા મળ્યા બાદ ઈડીએ પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી અને તેની નજીકની સહયોગી અર્પિતા મુખરજીની ધરપકડ કરી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાર્થ ચેટરજીને પદ પરથી હટાવી દીધા હતા.શિક્ષક ભરતી કૌભાંડમાં અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે, જે ઉમેદવારોના માર્ક્સ ઓછા હતા તેમને મેરિટ લિસ્ટમાં ઊંચા હોદ્દા આપવામાં આવ્યા હતા. કેટલીક ફરિયાદો એવી પણ હતી, જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે કેટલાક ઉમેદવારોના નામ મેરિટ લિસ્ટમાં ન હોવા છતાં તેમને નોકરી આપવામાં આવી હતી. કેટલાક ઉમેદવારોને નોકરી આપવામાં આવી હતી જેમણે ટેટ પરીક્ષા પણ પાસ કરી નથી. જ્યારે રાજ્યમાં શિક્ષકની ભરતી માટે ટેટ પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે.ઈડીએ આ કેસમાં ૨૦૨૨માં તપાસ શરૂ કરી હતી. ૨૨મી જુલાઈના રોજ ઈડીએ પાર્થ ચેટરજીના ઘર સહિત ૧૪ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન ઈડીને અર્પિતા મુખરજીની સંપત્તિના દસ્તાવેજો મળી આવ્યા હતા. જ્યારે પાર્થ ચેટર્જીને અર્પિતા વિશે પૂછવામાં આવ્યું તો તેમને સંતોષકારક જવાબ મળ્યો નહીં. આ પછી અર્પિતા મુખરજી ઈડીના રડાર પર આવી ગયા હતા. જ્યારે ઈડીએ અર્પિતાના ફ્લેટ પર દરોડા પાડ્યા ત્યારે તેમને લગભગ ૨૧ કરોડ રૂપિયા રોકડા, ૬૦ લાખ રૂપિયાની વિદેશી ચલણ, ૨૦ ફોન અને અન્ય દસ્તાવેજો મળી આવ્યા હતા. અર્પિતા એક મોડલ છે. તે બંગાળી અને ઓડિશાની ફિલ્મોમાં નાના રોલ કરી રહી છે. આ ઉપરાંત ઈડીએ અર્પિતાના અન્ય સ્થળો પર પણ દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ઈડીએ અર્પિતાના ઘરેથી ૨૭.૯ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરી હતી. આ સિવાય ઈડીને ૪.૩૧ કરોડ રૂપિયાનું સોનું મળ્યું હતું.કલકત્તા હાઈકોર્ટના નિર્ણય પર મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું કે, 'હું કહેવા માંગુ છું કે જેમણે આજે નોકરી ગુમાવી છે. અમે તેમના માટે અંત સુધી લડીશું. જેમણે આદેશ આપ્યો છે તેઓ ભાજપમાં જોડાઈ ગયા છે. અમે આ નિર્ણયને પડકારીશું. આ નિર્ણય સાથે ૨૬ હજાર ઉમેદવારોનું ભાવિ જોડાયેલું છે. અમે રોજગારી આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ એક ગેરકાયદે આદેશ છે. આ નિર્ણય સામે અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું. પરંતુ ચિંતા કરશો નહીં. ૧૦ લાખ વધુ નોકરીઓ તૈયાર છે.'

### રૂપાલાના વિરોધમાં ક્ષત્રિયોએ હવે વિરોધની તલવાર ખેંચી લીધી

# ૧૦૦ જેટલી ક્ષત્રિયાણીઓએ ૩ દિવસના પ્રતિક ઉપવાસ શરૂ કર્યા

## ક્ષત્રિય આંદોલન સમિતિ દ્વારા આંદોલનના પાર્ટ ૨ની જાહેરાત કરવામાં આવી છે આ આંદોલનને ક્ષત્રિય આગેવાનો દ્વારા ઓપરેશન ભાજપ નામ આપવામાં આવ્યું છે

રાજકોટ, તા.૨૨

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકમાંથી હાલ સૌથી કોઈ વધુ ચર્ચામાં હોય તો એ રાજકોટ લોકસભા બેઠક છે.. રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ [redacted] પાર્ટ ૨ની જાહેરાત કરવામાં આવી છે.. આ આંદોલનને ક્ષત્રિય આગેવાનો દ્વારા ઓપરેશન ભાજપ નામ આપવામાં આવ્યું છે..

ક્ષત્રિયોના વિરોધને શાંત કરવા માટે ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભાજપના સંગઠન મંત્રી રત્નાકર સૌરાષ્ટ્રમાં ધામા નાખીને બેઠા છે. રવિવારે મોડી સાંજે બંને નેતાઓએ રાજકોટની ખાનગી હોટલમાં ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી હતી જ્યારે સોમવારે ભાવનગરમાં ખાનગી હોટલમાં બેઠક કરી. આ બેઠકમાં જેમાં તેઓએ ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોને સમાજ વચ્ચે જઈ લોકસભા ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન કરવાનુ સૂચન કરવા અપીલ કરી હતી.

એક તરફ ભાજપ પરશોત્તમ રૂપાલાને ચૂંટણી લડાવવા માટે મક્કમ છે તો બીજી તરફ ક્ષત્રિય આગેવાનો આંદોલનથી રૂપાલાને હરાવવા માટે મક્કમ છે. આ બધા વચ્ચે કોંગ્રેસના ઉમેદવાર રાજકોટમાં ફૂલ ફોર્મમાં પ્રચાર કરી રહ્યા છે.. રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં પરેશ ધાનાણીએ પદયાત્રા કરીને પોતાના માટે મત માગ્યા.. રાજકોટ લોકસભા બેઠક પર રાજકીય માહોલ ગરમ છે.. એવામાં જોવું એ રહ્યું કે, ક્ષત્રિયોના આંદોલનની અસર પરશોત્તમ રૂપાલાને કેટલી નડશે

# નાના બારમણ, દલખાણીયા અને માંડણમાં મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજાયા






અમરેલી તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૪ (શનિવાર) જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે તા. ૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસીપેશન (એસ.વી.ઈ.ઈ.પી) અન. ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટી.આઈ.પી.) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ પ્રસરાવવાની કામગીરી શરુ છે. ખાંભા તાલુકા મામલતદારના અધ્યક્ષસ્થાને ખાંભા તાલુકાના નાના બારમણ ખાતે ''ચુનાવ પાઠશાળા'' કાર્યક્રમમાં નાગરિકોને મતદાન કરવા અને અન્ય મતદારોને મતદાન કરે તે માટે જણાવવામાં આવ્યું હતું. ગામની મહિલાઓ પણ મતદાન કરે તે માટે મહિલાઓને અનુરોધ કરવામા આવ્યો હતો. મહિલાઓનું મતનુ મૂલ્ય સમજાવવામાં આવ્યું હતું. ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓ, અને નાગરિકોએ મતદાન શપથ લીધા હતા. ધારી તાલુકાના દલખાણીયા ગામે ''ચુનાવ પાઠશાળા'' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં નાગરિકોને મતનું મૂલ્ય સમજાવી મતદારોને મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી –કર્મચારીઓ, ગામ અગ્રણીઓ અને નાગરિકોએ મતદાન શપથ લીધા હતા. રાજુલા તાલુકાના માંડળ ગામે ''વોટર અવરનેસ પ્રોગ્રામ'' અંતર્ગત 'ચુનાવ પાઠશાળા' કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા તાલુકા વિકાસ અધિકારી અને ચૂંટણી ફરજ પરના કર્મચારીઓએ ગ્રામજનોને મતદાનના મૂલ્ય અને તેના મહત્વ વિશે સમજૂતી આપાવમાં આવી હતી.

### સામાન્ય આરોપી અને વનવિભાગના આરોપી કર્મચારી માટે કાયદાના ત્રાજવા જુદા

## અમદાવાદના ફોરેસ્ટરે મીત્રો સાથે ખાંભાના જંગલમાં ગેરકાયદેસર ઘુસી સિંહની કરી પજવણી

### સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થતાં ચાર આરોપી સામે દંડ કરી ગુનો માંડવાળ



ખાંભા, તા. ૨૨

વન વિભાગમાં કાયદાના ત્રાજવા સામાન્ય લોકો માટે અને તેના કર્મચારીઓ માટે જુદા જુદા છે. ધારી ડિવિઝનના ખાંભા રેન્જમાં ખુદ વન કર્મચારી જ રક્ષક મટી ભક્ષક બન્યો છે. અને જંગલમાં ગેરકાયદેસર પ્રવેશ કરી પાણીના પોઈન્ટ પર પાણી પી રહેલ સિંહની પજવણી કરી હતી. તેનો વિડીયો વાયરલ થયા બાદ તપાસનો ધમધમાટ ચાલ્યો હતો. પરંતુ વન વિભાગના કર્મચારી સામે માત્ર ખાતાકીય કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું નાટક કરવામાં આવી રહ્યું છે. જયારે તેની સાથે ગેરકાયદેસર જંગલમાં ઘૂસી સિંહની પજવણી કરતા શખ્સોને માત્ર સામાન્ય દંડ કરી જવા દેવામાં આવતા વન વિભાગની કામગીરી સામે વધુ એક વખત સવાલો ઊભા થયા છે.

ખાંભા રેન્જના પીપળવા વીડીમાં વાંદરીગાળા વિસ્તાર તરીકે ઓળખાતા જંગલના પાણીના પોઈન્ટ પર સિંહ પાણી પીતા હોય અને તેનો વિડીયો ઉતારી બચકારા કરતા હોય તેવી રીતે પજવણી કરવામાં આવી હતી. આ અંગેનો વિડીયો વાયરલ થયો હતો. બાદમાં વનવિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તપાસમાં આરોપી તરીકે ખુદ વન વિભાગનો કર્મચારી જ નીકળ્યો હતો. ખાંભા રેન્જના પીપળવા રાઉન્ડમાં અગાઉ ગાર્ડ તરીકે ફરજ બજાવી ચુકેલો અને હાલ અમદાવાદમાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતો શૈલેષ ડોડીયા અને તેમના મિત્રો આ સિંહ દર્શનની ગેરકાયદેસર ઘટનામાં સંડોવાયેલા હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

આ સમગ્ર મામલે વનવિભાગ દ્વારા તપાસ કરવામાં આવી તેમાં સામે આવ્યું કે અમદાવાદમાં ફોરેસ્ટર તરીકે ફરજ બજાવતો વનકર્મી અગાઉ ખાંભા પીપળવા રાઉન્ડમાં ગાર્ડ તરીકે ફરજ બજાવી હોવાથી ચૂકેલ છે. તેમજ આ વન કર્મી આ જ વિસ્તારમાં લાઈન શો, પાર્ટીઓ સહિત ગેર પ્રવુતિઓ અભ્યારણ વિસ્તારમાં કરેલ હોવાનુ સ્થાનિક સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું ત્યારે આ વિસ્તારથી સંપૂર્ણ માહિતગાર હતો.

વનકર્મી શૈલેષ ડોડીયા તેના મિત્ર સાથે થોડા સમય પહેલા કોર્ટની તારીખે ખાંભા આવ્યો હતો ત્યારે આ ગેરકાયદેસર કૃત્ય કર્યું હતું. આ ઉપરાંત જે વિસ્તારમાં ગયા ત્યાં વન વિભાગની ચેકપોસ્ટ આવે છે અને ત્યાં તાળું મારેલું હોય છે. પરંતુ આ તાળું ત્યાંના હંગામી કર્મચારી કૌશિક ઝાલાએ ખોલી અને તેને અંદર પ્રવેશ કરાવ્યો હતો. આ ઘટનાની ગંભીરતાસમજી વનવિભાગે હંગામી કર્મચારી કેશિક ઝાલાને તાબડતોબ ફરજ પરથી છૂટા કરી દેવામાં આવ્યા છે.

સિંહની પજવણી કરનાર ખુદ વન કર્મચારી જ શૈલેષ ડોડીયાની સામે વન વિભાગે કોઈ કાર્યવાહી કરી નહીં. જયારે તેની સાથે રહેલા ચાર શખ્સોને ૨૧ હજાર રૂપિયાનો જંગલમાં ગેરકાયદેસર પ્રવેશ કરવાનો દંડ ફટકારી સંતોષ માની લીધો છે. હકીકતે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ મુજબ સિંહની વાત આવે તેવા કિસ્સામાં માંડવાણ કરવાની જોગવાઈ ન હોવા છતાં વન વિભાગ દ્વારા જંગલમાં ગેરકાયદેસર પ્રવેશ કરી સિંહની પજવણી સહિતના મામલામાં માત્ર દંડ લઈ ભીનું સંકેલી લેવામાં આવ્યું છે.આ ઉપરાંત જંગલ અભ્યારણમાં ગેરકાયદેસર ઘુસી સિંહની પજવણી કરનાર વન કર્મચારી ડોડીયાર સામે માત્ર ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હોવાનું રટણ કરી તેને બચાવવાના પ્રયાસો કરવામાં આવતા અનેક સવાલો ઊભા થયા છે.

#### મંદિરે ગયો હોવાનું રટણ તપાસનીશે માની લીધું

ગેરકાયદેસર સિંહ દર્શન કરાવવા, અને જંગલમાં પાર્ટી કરવાના મુદ્દે ખરડાયેલી છાપ ધરાવતા શૈલેષ ડોડીયાને વનવિભાગે સમન્સ કરી રૂબરૂ નિવેદન માટે બોલાવ્યો હતો. ડોડીયાએ રૂબરૂમાં કહ્યું હતું કે અમે મંદિરે દર્શન કરવા ગયા હતા. પરંતુ આ મુદ્દે સવાલ એ ઊઠે છે કે જે વિસ્તારમાં ગયા હતા ત્યાં કોઈ મંદિર આવતું જ નથી અને મંદિરે જવાનો રસ્તો જ નથી પણ તપાસનીશ અધિકારીએ ડોડીયાને બચાવવા માટે તેમની વાત માની લીધી હોય તેવું લાગી રહ્યું છે.

#### અન્ય કિસ્સામાં આરોપીઓના મોબાઈલ કબ્જો લઈ રિમાન્ડ માંગવામાં આવે છે

સામાન્ય લોકો જો આવું કૃત્ય કરે તો તેની સામે ગુનો દાખલ કરી તેના મોબાઈલ સહિતની ચીજ વસ્તુઓ કબજે લઈ તેમના કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ પણ માંગવામાં આવે છે. જયારે આ કિસ્સામાં વન વિભાગનો કર્મચારી સંડોવાયેલો હોવાથી તેને બચાવવા માટે કાયદાના ત્રાજવા જ વન વિભાગે અલગ કરી નાખતા આ અંગે ઉચ્ચકક્ષાએ ફરિયાદો થઈ હોવાનું સામે આવ્યું છે.

## હનુમાન જયંતી નિમિતે વંદના



હનુમાન જયંતી નિમિતે વંદના
મારાં હદયે વસજો વ્હાલાં હનુમાનજી.
શેરી એ શેરી તારાં રખોપા હનુમાનજી.
મારા હદયે વસજો વ્હાલાં હનુમાનજી.
ભટકતાં અથડાતાં પહોંચે સૌ દેરીએ,
હાજરાહજૂર ને હાથવગા હનુમાનજી.
ના કોઈ વળતર લીધું ના રે કોઈ ઓરતાં,
રામકાજ કર્યા તે તો હાલાં હનુમાનજી.
રામ ભકત તું તો છો મહાશકિતશાળી,
બ્રમ્હચારી તું તો મારા બાલા હનુમાનજી.
પ્રભુથી યે મોટો રે હોય તેનો ભકત જો,
પથરાં તરાવ્યાં તે તો રામા હનુમાનજી.
સૂર્યના કૃપા પાત્ર હોય તેને શેના રાત–દિન,
સદાયે ભેરાં રેજો સર્વ કલ્યાણાં હનુમાનજી.
દિનઃદુખ–અબોલ નો તું એક જ સહારો, આધિ–વ્યાધિ–ઉપાધિ ભાગવતાં હનુમાનજી.

## અમરેલીમાં બાબર સમાજના ઈષ્ટદેવ વીર મેહુરદાદાની ભવ્ય શોભાયાત્રા નીકળી



અમરેલી, તા. ૨૨

અમરેલીમાં બાબર સમાજના ઈષ્ટદેવ વીર મેહુરદાદાની ભવ્ય શોભાયાત્રા નીકળી, મોટી સંખ્યામાં સમાજના આગેવાનો જોડાયાઅમરેલી તા.



અમરેલી શહેરમાં બાબર સામજના ઈષ્ટદેવ વીર મેહુરદાદાની જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. યુવક મંડળ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે શહેરના રાજમાર્ગો પર ફરી હતી. સમાજના લોકો ઈષ્ટદેવની ભક્તિમાં લીન થયા હતાઅનેમોટીસંખ્યામાં લોકો સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલી શહેરમાં વીર મેહુરદાદા જયંતિ ઉત્સવ નિમિતે ભવ્ય વરણાગી શોભાયાત્રાનું કાઢવામાં આવી હતી. જે શોભાયાત્રા અમરેલી શહેરના રાજમાર્ગો રાજકમલ ચોક સહિતના વિસ્તારોમાં ફરી હતી. મેહુરદાદા ભક્તિમાં સમગ્ર બાબર સમાજ લિન થયો હતો અને જિલ્લા ભરથી બાબર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ડીજેના તાલ સાથે સમાજના લોકો શોભા યાત્રામાં ઝુમી ઉઠયા હતા અને આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શોભાયાત્રા બાદ શશાંક મહાજન પાર્ટી પ્લોટ ખાતે મહા આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજના આગેવાનોએ આરતીનો લાભ લીધો હતો. આ દિવસ બાબર સમાજ માટે મહત્વનો માનવામાં આવે છે. જેથી આરતી બાદ એકસાથે લોકોએ મળીને સમૂહ ભોજન પણ લીધું હતું.

### જેલમાં દયનીય હાલતમાં જીવન પસાર કરતા

## ઉનાનાં ખાણ ગામનાં માચ્છીમારને પાકિસ્તાનની જેલમાંથી વોટસએપમાં પત્ર આવ્યો

### પત્ર કઈ વ્યકિતના મોબાઈલમાંથી આવ્યો તેની ખબર નથી




ઉના, તા. ૨૨

ઉના તાલુકાના ખાણ ગામના ભારતીય માછીમાર નો આવ્યો વોટ્સએપમાં પત્ર, પત્રમાં જણાવી આપવીતી ગીર સોમનાથ જિલ્લાનો ઉના તાલુકો માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલો છે. અહી અન્ય કોઈ ઔધોગિક વિકાસ નથી તેથી લોકો ખેતી અને માછીમારી ઉપર નિર્ભર છે. ઉના તાલુકાના આસપાસના ગામડાના લોકો વર્ષના ૭થી ૮ મહિના દરિયામાં માછીમારી કરવા જાય છે. માછીમારોના આ વ્યવસાયમાં ખૂબ જોખમ રહેલું છે. અવારનવાર માછીમારોને બોટ સાથે દરિયા માંથી પાકિસ્તાન એજન્સીઓના ઉઠાવી જાય છે અને પકડીને પાકીસ્તાન માં કેદ કરી દે છે. આ માછીમારોને છોડાવવામાં સરકારને ત્રણ થી ચાર વર્ષ લાગે છે અને ક્યારેય માછીમારોની લાશ પણ આવે છે. પાકિસ્તાનમાં કેદ ભારતીય માછીમારોની પરિસ્થિતી ખૂબ દયનીય છે. રોગથી પીડાતા લોકોની ત્યાં સારવાર પણ યોગ્ય રીતે કરવામાં આવતી નથી. જેથી ઘણી વાર આ વિસ્તારના લોકોની લાશ પણ બે મહિને આવી હોવાના બનાવો બન્યા છે.

ઉના તાલુકાના ખાણ ગામના ભરત બાંભણિયા નામના યુવક પાકીસ્તાન જેલમાં આશરે છેલ્લા ત્રણ વર્ષથી કેદ છે. ભરતનો પરિવાર ખાણ ગામે માતા સાથે પત્ની અને બે બાળકો રહે છે. નાળિયેરીના પાનમાંથી સાવરણા કાઢીને દસ દસ રૂપિયામાં વેચાણ કરી ગુજરાન ચલાવે છે. ખાણ ગામના કુલ ૯ લોકો પાકીસ્તાન જેલમાં આશરે ત્રણ ત્રણ વર્ષથી કેદ છે.

ગત રાત્રીના ભરતના એક ઉના રહેવાસી મિત્ર રાકેશને એક અજાણ્યા નંબર થી મેસેજ આવેલો જે ખોલતા તેમાં ભરત નો લેટર હોવાનું જાણવા મળેલ અને આ લેટરમાં પાકીસ્તાનમાં કેદ પોતાની સાથેના ૧૪૮ કેદી કે જેઓ ૩ થી ૪ વર્ષથી કેદ છે તેઓ છૂટી જવાના હતા અને યાદી પણ બની ગયેલ. પણ હાલ બીજી એક યાદી પાક જેલના કેદીની બની છે જે કેદીઓ એક વર્ષ પહેલાં જ આવેલા છે.. એવું ભરત ભાઈ ને જાણવા મળેલ છે. ભરતભાઈ એ તેમના મિત્ર રાકેશ ને આ અંગે રાજકીય આગેવાનો ની સંપર્ક કરવા અને તંત્ર ને રજૂઆત કરવા જણાવેલ છે. પાક મોબાઈલ નંબર થી આવેલા વોટ્સએપ ઉપર ના લેટર કોણે મોકલ્યો છે એ વાત ની પુષ્ટિ કરી શકાતી નથી પણ મોબાઈલ નંબર પાકીસ્તાન નો હોય એ ખ્યાલ આવી શકે છે.

વિજય બી.બાંભણિયા ઉપ સરપંચ ખાણ ગામ ગામના લોકો માછીમારી કરવા જાય છે તેમના પરિવારો ખેતી તથા મજૂરી કરી ગુજરાન ચલાવે છે તો સરકારને મારી રજૂઆત છે ત્રણ ત્રણ વર્ષથી સરકારમાં રજૂઆત કરેલ છે અમારા ગામના કુલ ૯ માછીમારો છે જે હાલ પાકિસ્તાનની જેલમાં પકડાયેલ છે.

ગાંધીનગર સુધી પણ રજૂઆત કરવા ગયા હતા અને ઉચ્ચ અધિકારીઓને મળી રજૂઆત કરી. મુખ્યમંત્રીને રજૂઆત કરી ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીને પણ રજૂઆત કરી ત્યારબાદ પણ કોઈ પાસેથી જવાબ ન મળતા દિલ્હી સુધી આ જેલમાં કેદ માછીમારો અંગે રજૂઆત કરેલી છે.

અમારા ગામના માછીમારો ત્રણ–ત્રણ વર્ષ જેટલો સમય વિતવા છતાં આજદિન સુધી કોઈ પત્ર કે જવાબ નથી જેથી તેમના પરિવારજનો ચિંતા કરે છે. હાલ એક પત્રમાં એવું જાણવા મળ્યુ છે કે માછીમારોને છોડવા માટે ત્યાંથી મંજૂરી પણ આવી છે છતાં પણ આજ દિન સુધી આ માછીમારો છૂટીયા કેમ નહીં ? સરકારને મારી રજૂઆત છે આ માછીમાર નો પરિવાર અહીંયા ચિંતા કરે છે તો સરકારને મારી વિનંતી કરીએ છીએ કે ખાણ ગામના કુલ ૯ જેટલા માછીમારો છે તેને વહેલામાં વહેલી તકે યાદીમાં નામ આવે અને વહેલા છૂટી તેમના ઘરે પરત આવે તેવી માંગ કરી.

# સાવરકુંડલાનાં ગિરધરવાવ ખાતે મોટા ઉજળાનાં પરિવાર દ્વારા વોકિંગ સ્ટીક અપાઈ






કુકાવાવ તાલુકાના મોટા ઉજળા ગામના સેવાભાવી સુથાર સમાજના દલસુખભાઈ રામજીભાઈ ધારૈયા વર્ષોથી એક અનોખો સેવા યજ્ઞ ચલાવી રહ્યા છે. પોતે નિવૃત જીવન ગાળે છે, પરંતુ મિસ્ત્રી કામના જાણકાર હોવાથી નિયમિત શ્રમ કરતા રહે છે અને લાકડા માંથી વૃદ્ધો માટે ટેકણ લાકડી એ પણ જુદી જુદી કલાત્મક ઓપ આપીને બનાવ્યા કરે છે. વાર તહેવારે પ્રસંગોએ આખા જિલ્લામાં જયાં કયાંય વૃદ્ધાશ્રમ હોય અથવા ગામડાઓમાં ચોરે ચૌટે વૃદ્ધોના સમૂહ હોય ત્યાં પહોંચી જઈને તદ્દન નીઃશુલ્ક ભેટ આપી સંતોષ અને આનંદ અનુભવે છે. અત્યાર સુધીમાં સેકડો વોકિંગ સ્ટીક ભેટ આપી ચૂક્યા છે. હાલમાં રામનવમીના પવિત્ર દિવસે સાવરકુંડલા ખાતે ગીરધર વાવ મુકામે આવેલા વૃદ્ધાશ્રમ વડીલોના ઘર એવા ગિરધર ઘરમાં રહેતા તમામ વૃદ્ધોને સાવરકુંડલાના શૈક્ષણિક અને સામાજિક અગ્રણી પ્રતાપભાઈ ખુમાણના હસ્તે વોકિંગ સ્ટીક અર્પણ કરવામાં આવી હતી. અજાણ્યા મલકમાં અજાણી વ્યક્તિઓ પણ નીસહાય વૃદ્ધોનો સહારો બનવા વગર માંગે જરૂરી વસ્તુઓ આપવા દોડી આવતા, ગિરધર ઘરમાં રહેલા એક વિકલાંગ વૃદ્ધા તો પોકે પોકે રડી પડ્યા હતા. આ વિતરણ સમયે સાવરકુંડલાના નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી કાંતિભાઈ ગજજર પણ સાથે રહ્યા હતા.

# બાબરાનાં ગામે ગામમાં કોંગી ઉમેદવાર જેની ઠુંમરને પ્રચંડ સમર્થન



અમરેલી સંસદીય મત વિસ્તારઅમરેલી જિલ્લો અને મહુવા–ગારીયાધારવિસ્તારમાંકોંગ્રેસના શિક્ષતમહિલાઉમેદવારજેનીબેનઠુમ્મરે આજેબાબરાતાલુકાનાગ્રામ્યવિસ્તારના પ્રવાસે હતા.બાબરા તાલુકાના ગ્રામ્ય પ્રવાસદરમ્યાનજેનીબેનઠુમ્મરેજણાવ્યુ હતુકેબાબરાતાલુકાનાઆશિર્વાદથીમેશા મારાઅનેમારાપરિવારસાથેરહ્યાછે.આ તકેતેમણેજણાવ્યુહતુઅમરેલીજિલ્લાનો મહત્વનો તાલુકો એટલે બાબરા ભાવનગર–રાજકોટ અને અમરેલી–રાજકોટ હાઈવે પર આવેલો છે. અહીંયા ઔદ્યોગીકવિકાસનીવ્યાપકતકછે.ત્યારે અમરેલીથી બાબરા સુધીનો ડબલ પટ્ટી રોડનેફોરલેનકરવામાંઆવેતોબાબરાની કનેકટીવવીટીઅમરેલીસાથેવધીશકે.આ વિસ્તારમુખ્યત્વેપશુપાલનઅનેખેતીઉપર નિર્ભીતવિસ્તારછે.ત્યારેખેડૂતોનેકપાસ, મગફળી, અને તેલીબીયાના પુરતા ભાવ મળતાનથીઅનેખેતીમાંખાતર,બિયારણ અનેજંતુનાશક દવા પણ મોંઘી બની છે. ત્યારેખેડૂતોનેપાકનીઉપજપરએમ.એસ. પી.મુજબ ભાવ મળે તે જરૂરી છે. આ ઉપરાંત આ વિસ્તારમાં પશુપાલન અને તેની બાય પ્રોડકટ આઈસ્ક્રીમ, ઘી, દુધ, દહી, છાસ, મટર, પનિર જેવી વસ્તુઓનું પ્રોડકસથાયતેમાટેઅહીંયામિલ્કકંપનીની જરૂર છે. ત્યારે સરકાર સહકારી ધોરણે અહીંયા મિલ્ક પ્રોડકટનું બાબરાને કેન્દ્ર બનાવેતોઘરેબેઠાબહેનોનેપશુપાલનના વ્યવસાયથી રોજગારી મળી શકે.આ તકે તેમણે બહેનોને જણાવ્યુ હતુ કે કોંગ્રેસ સરકારમાંમળતો૩૭૦રૂ.ગેસનોબાટલો આને ૧ હજાર ઉપરો પહોચ્યો છે., પેટ્રોલ, ડીઝલ મોંઘા બન્યા છે. ખાતર–બિયારણદવાઓમોંઘીબનેછે. શિક્ષણઅનેલોટપરપણભાજપસરકાર જીએસટીલેછે.ત્યારેશિક્ષણમોંઘુથયુછે. પૂજાસામગ્રીપરપણજીએસટીછે.ત્યારે લોકોને આ મોઘવારીના સમયમાં ઘર ચલાવવુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે શિક્ષત યુવાનોબેરોજગારછે.અનેગામડાખાલી થઈ રહ્યા છે કેમ કે અહીંયા કોઈ રોજગારીનીતકોનથીમાટેસરકારહિરા ઉદ્યોગ,ને પ્રોત્સાહન આપે અને નિગમ બનાવે તેવી અમારી માંગણી છે. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતદ્વારા કાર્યકરો અને મતદારોને એક થઈ અને કોંગ્રેસનાઉમેદવારજેનીબેનઠુમ્મરને વિજય બનાવવા અપીલ હતી. જેનીબેન ઠુમ્મર સાથે જન આશિર્વાદ પ્રવાસમાંજિલ્લા કોગ્રેસપ્રમુખપ્રતપા દુધાતઆમઆદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનો સાથે કોંગ્રેસના આગેવાનઆપ્રવાસમાંજોડાયાહતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી લોકસભા ચૂંટણીજંગમાં

રહયા હતા. આજે સોમવારે ફોર્મ પરત ખેંચવાનીમુદતવિત્યાબાદએકઉમેદવારે પોતાનું ઉમેદવારીપત્ર પરત ખેંચી લેતાં હવે અમરેલી લોકસભા બેઠક માટે ૮ ઉમેદવારો વચ્ચે ચૂંટણીજંગ ખેલાશે.

અમરેલી લોકસભા બેઠક માટે ફોર્મની ચકાસણીનું કામ ગઈકાલ ૨૧મી તારીખે પુર્ણ થયુ છે અને તમામ ૯ મુખ્ય ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યાં છે. જયારે ભાજપ અને કોંગ્રેસના ડમી ઉમેદવારના ફોર્મ રદ થયા હતા.

ફોર્મ ચકાસણીનુ ચિત્ર સ્પષ્ટ થયા બાદ સૌની નજર આજના ઉમેદવારીપત્ર ખેંચવાના દિવસ પર મંડાઈ હતી. આજે ફોર્મ પરત ખેંચવાનો દિવસના સમય દરમિયાન અપક્ષ ઉમેદવાર જેરામભાઈ રાઘવભાઈ પરમારે ઉમેદવારીપત્ર ખેંચી લેતાં હવે અમરેલી લોકસભાની બેઠક માટે ૮ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો ચૂંટણીજંગ ખેલાશે.

આજે ઉમેદવારી પત્ર પરત ખેંચવાના સમય પુર્ણ થયા બાદ હવે અમરેલી સીટ ભરતભાઈ સુતરીયા (ભાજપ), જેનીબેન ઠુંમર (કોંગ્રેસ), રવજીભાઈ ચૌહાણ (બહુજન સમાજ પાર્ટી), વિક્રમભાઈ સાંખટ (ગ્લોબલ રીપબ્લીકન પાર્ટી), પ્રિતેશભાઈ ચૌહાણ (અપક્ષ), બાવકુભાઈ વાળા (અપક્ષ), ભાવેશભાઈ રાંક (અપક્ષ), પુંજાભાઈ દાફડા (બહુજન મુકિત પાર્ટી) આટલા ઉમેદવારો મેદાનમાં રહયા છે.

## અવસાન નોંધ

**લીલીયા:** લીલીયા તાલુકાના લોકી (ઉમિયાનગર) નિવાસી નવલગીરી રતીગીરી ગોસ્વામી ઉ.વ.–૫૮ નું તારીખ.–૧૮/૦૪ ચૈત્ર સુદ દશમને ગુરૂવારના રોજ કૈલાસવાસ થયેલ છે તે વિલાસગીરી ભાણગીરી ગોસ્વામી રહે ડેડાણના મોટા ભાઈ તેમજ ઓમકારગીરી અને વિજેન્દ્રગીરીના પિતાશ્રી તેમજ અર્જુનગીરી સાવરકુંડલાના સસરા થાય છે તેમનું શક્તિપૂજન ભંડારો અને સંતવાણી તા. ૨૯/૦૪ ને સોમવારે તેમના નિવાસસ્થાન લોકી તાલુકો લીલીયા મુકામે રાખેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પાના ૮ ઉપરનું ચાલું જેની ઠુંમરનું ઉમેદવારીપત્રક માન્ય

કોંગ્રેસ લીગલ ટીમ દ્વારા લેખિત તથા મૌખિક રજુઆત કરીને હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના આધારો આપીને ધારદાર રજુઆત થતા ચુંટણી અધિકારીએ ભારતીય જનતા પાર્ટીના તમામ વાંધાઓ રદ કરીને જેનીબેન ઠુમ્મરનું ફોર્મ માન્ય રાખવા હુકમ કરવામાં આવેલ. તે સંબંધે અમરેલીના પુર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમર, અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પુર્વ જિલ્લા પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, પુર્વ જિલ્લા પ્રમુખ ડી.કે. રૈયાણી, પુર્વ જિલ્લા પ્રમુખ અર્જુનભાઈ સોસા, બાંધકામ સમિતિના પુર્વ ચેરમેન ટીકુભાઈ વરૂ, સુરેશભાઈ કોટડીયા, નરેશભાઈ અધ્યારૂ, કે.કે.વાળા, નંદલાલભાઈ ભડકણ, ભરતભાઈ હપાણી, દિનેશભાઈ સાવલીયા, નટુભાઈ સોજીત્રા, પંકજભાઈ રોકડ, હિરેનભાઈ સોજીત્રા, અનિભાઈ ગોહિલ, એમ.એ. કુરેશી, પોપટલાલ કાશ્મીરા, જગદીશભાઈ તળાવીયા, જગદીશભાઈ પાનસુરીયા, ઉમેદભાઈ ખાચર, ડી.ડી.પરમાર, પ્રહલાદ સોલંકી, ભાવેશ પિપળીયા, રાજુભાઈ બીલખીયા, જયુભાઈ ઠુંમર સહિત આ હુકમને આવકારીને વિજય ઉત્સવના ભાગરૂપે સુત્રોચાર સાથે વધામણા કરેલ અને ફટાકડા ફોડીને ભવ્ય ઉજવણી કરેલ. કોંગ્રેસના ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય રહેશે કે અમાન્ય તેના ફેંસલા માટે કોંગ્રેસ લીગલ ટીમ ગુજરાત હાઈકોર્ટના સીનીયર એડવોકેટ પંકજભાઈ ચાંપાનેરી દ્વારા એક મુદત માંગવામાં આવતા અમરેલી જિલ્લા ચુંટણી અધિકારીએ મુદત રીપોર્ટ મંજુર કરતા રવિવારે સવારે ૧૦ વાગ્યા સુધીનો સમય આપવામાં આવતાં બીજા દિવસે રવિવારે સવારે ૧૦ વાગે કોંગ્રેસ લીગલ ટીમના હાઈકોર્ટના સીનયર એડવોકેટ પંકજભાઈ ચાંપાનેરી, એડવોકેટ તુલશીભાઈ સવાણી, એડવોકેટ ગૌરાંગભાઈ પટેલ, એડવોકેટ રફીકભાઈ મોગલ, એડવોકેટ નિસીત પટેલ, એડવોકેટ સંદિપ પંડયા સહિતની કોંગ્રેસ પક્ષની લીગલ ટીમ અમરેલી જિલ્લા ચુંટણી કચેરી પહોચ્યાં. ત્યારબાદ ચુંટણી અધિકારીએ ભાજપ–કોંગ્રેસ બંને ઉમેદવારો સહિત ઉમેદવારોના ટેકેદાર, ઉમેદવારોના અધિકૃત કરેલ વ્યકિત અમરેલી જિલ્લા ચુંટણી અધિકારી સમક્ષ હાજર થયા બાદ બંને પક્ષોના લીગલ ટીમના એડવોકેટો પણ ત્યાં હાજર થયા. ત્યારબાદ વન બાઈ વન બંને પક્ષોના એડવોકેટોની દલિલો સાંભળી બંને પક્ષોના લીગલ પક્ષો દ્વારા આશરે દોઢ કલાક જેટલો સમય કાયદાકીય રજુઆતો અને દલિલો ચાલી. ત્યારબાદ ચુંટણી અધિકારી અમરેલી દ્વારા આખરે ચુકાદો જાહેર કરતા કોંગ્રેસ લીગલ ટીમના ગુજરાત હાઈકોર્ટના સીનીયર એડવોકેટ પંકજભાઈ ચાંપાનેરી સહિત કોંગ્રેસ લીગલ ટીમની ધારદાર દલિલો ગ્રાહ્ય રાખી તેમજ જીણવટભરી કાયદાકીય રજુઆતોના અંતે ઈન્ડીયનેશનલ કોંગ્રેસ પક્ષના ૧૪–અમરેલી લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરનું ઉમેદવારી ફોર્મ માન્ય રાખ્યુ.

## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં આંબરડી રેવેન્યુ વિસ્તારમાં

આ આગની ઘટના નજીક આંબરડીના વિસ્તારોમાં વન્ય પ્રાણીઓનો પણ વસવાટ હોય આગને કાબુમાં લેવાં ભારે જહેમત ઉઠાવી પડી હતી. જયારે આગને કાબૂમાં લેવા ખેડૂતોએ પાણીનો છંટકાવ કર્યો. જયારે સ્થાનિક લોકો આગ બુજાવવા માટે દોડી ગયા હતા. જયારે આ આગની ઘટના બની તેમની આસપાસ વન્ય પ્રાણીનો વિસ્તાર હોવાને કારણે વનવિભાગના ડી.સી.એફ. પણ દોડી ગયા હતા. વાડી વિસ્તાર રેવન્યુમાં લાગેલી આગ થોડીવારમાં ભીષણ બની ગઈ હતી જેના કારણે ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આગ પર પાણીનો મારો ચલાવ્યો હતો.

આ આગના કારણે કોઈ મોટું નુકસાન નથી થયું જેના કારણે રાહતના સમાચાર છે. ઉપરાંત આંબરડી ગામ નજીક મોટા પ્રમાણમાં સિંહો સહિત વન્યપ્રાણીનો વસવાટ હોવાને કારણે થોડીવાર વનવિભાગમાં પણ દોડધામ મચી ગઈ હતી. જોકે, તમામ વન્યપ્રાણી સલામત હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ધારી ગીર પૂર્વ ડીસીએફ રાજદીપસિંહ ઝાલાનો સંપર્ક કરતા કહ્યું વાડી રેવન્યુ વિસ્તારમાં આગ લાગી હતી. વન્યપ્રાણીને કોઈ નુકસાન નથી થયાનું પણ તેમણે જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલા–મહુવા માર્ગ ઉપર વીજલાઈનનાં

હતી કે મોટર વ્હીકલ એકટનો કલેઈમ ચાલી શકે નહી, દાવો કરવો જોઈએ તથા માત્ર મોટર સાયકલના ડ્રાઈવરની કસુર હતી તેવી તકરાર કરેલ હતી. તે કેસ સાવરકુંડલાના એડીશનલ ડીસ્ટ્રીકટ જજ ડી.એસ. શ્રીવાસ્તવની કોર્ટમાં ચાલી જતા તેઓ એ કલેઈમ ચાલી શકે તથા સંપુર્ણપણે પી.જી.વી.સી.એલ.ની બેદરકારીથી બનાવ બનેલ હોય તેમ ઠરાવી પી.જી.વી.સી.એલ. કંપનીને રૂા.૧૫,૯૯,૮૦૦/–નું વળતર અરજીની તારીખથી ૯% વ્યાજ તથા ખર્ચ સાથે મળી કુલ રૂા. ૩૦ લાખ જેવી રકમ ૩૦ દિવસમાં ચુકવવા પી.જી.વી.સી.એલ. કાં. ને આદેશ કરેલ છે. આ કામે અરજદારો તર્ફે અમરેલીના જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદ સિવીલ કોર્ટમાં જવાની જરૂર નથી, કલેઈમ ચાલી શકે તથા પી.જી.વી.સી.એલ.ની બેદરકારીથી જ બનાવ બનેલ છે. પી.જી.વી.સી.એલ. કાં. વળતર ચુકવવા જવાબદાર છે તે અંગે સુપ્રિમ કોર્ટના તથા ગુજરાત હાઈકોર્ટનાં જુદા જુદા જજમેન્ટસ રજુ કરી ધારદાર દલીલો કરેલ હતી.

આ કામે અરજદારો તર્ફે અમરેલીના જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદ રોકાયેલા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં જુદા–જુદા 3 ઈસમોને

અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં પ્રોહી.ની પ્રવૃત્તિમાં સંડોવાયેલ ઈસમ અનિરૂધ્ધ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળા, (રહે. કોટડા, તા. ખાંભા) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતી.

સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત અનિરૂધ્ધ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળા વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા અનિરૂધ્ધ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળાને પાસા વોરંટની બજવણી કરી, જિલ્લા જેલ મહેસાણા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

જયારે બીજા બનાવમાં રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડાએ રાજુલા તથા અન્ય વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ આચરતો ઈસમ મેહુલ ઉર્ફે દુડી મથુરભાઈ વાઘેલા, (રહે. લોઠપુર, તા. જાફરાબાદ) વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકત્ર કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ હતી.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા મેહુલ ઉર્ફે દુડી મથુરભાઈ વાઘેલાને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

ત્રીજા બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલે અમરેલી જિલ્લા તથા અન્ય વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ આચરતો ઈસમ યાસીનભાઈ ગુલાબભાઈ શેખ, (રહે. આણંદ) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપેલ હતી.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા યાસીનભાઈ ગુલાબભાઈ શેખને પાસા વોરંટની બજવણી કરી પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ–ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાંથી

હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરી, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પ્રોહી.ની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈ તા. ૨૦ની રાત્રીના જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં રહેતા નરશી નારણભાઈ બારૈયાના રહેણાંક મકાને દરોડા દરમિયાન મજકુર ઈસમ હાજર મળી આવેલ ન હતો અને તેના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની સ્પેશ્યલ વ્હીસ્કીની ૧૮૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ ૨૩ કિંમત રૂપિયા ૧૭,૪૦૦નો મુદ્દામાલ મળી આવતા આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી મળી આવેલ. આગળની કાર્યવાહી થવા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રામપરા–૨ ગામે

શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનન પોલીસ સબ ઈન્સપેકટર પી.બી. લક્કડે રામપરા–૨ ગામે રહેતા અને ગુનાઓ આચરતા ઈસમ હરસુરભાઈ સાર્દુળભાઈ વાઘ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, હદપારની દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ રાજુલાઓ તરફ મોકલી આપેલ હતી.

આવા ગુન્હાહિત પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાજુલાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ હદપારનો હુકમ કરતાં અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ પીપાવાવ મરીન ટીમ દ્વારા હરસુરભાઈ સાર્દુળભાઈ વાઘને હદપારી હુકમની બજવણી કરી અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ જીલ્લા બહાર હદપાર કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

## જાહેર નોટિસ

અમો નિચે સહી કરનાર વિજય એમ. લચ્છા–એડવોકેટ, રહે. અમરેલીના તે અમારા અસીલ દ્રષ્ટિ પ્રોપર્ટીઝ પ્રા.લી.ના ડાયરેકટર અબ્દુલમહમદ જુમ્માહસન મસ્કતવાલા, રહે. મુંબઈનાની મિલ્કત કે જેનું વર્ણન નિચે મુજબ છે. જે અંગે લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કડીયાળી ગામનાં ખાતા નં.૧૮૩, રે.સ.નં.૧૩૫/૧ પૈકી ૨ થી આવેલ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૩–૫૧–૦૭ છે, આ જમીન ઔદ્યોગીક હેતુ માટે બિનખેતી થયેલ અને તેમાં પ્લોટસ પાડવામાં આવેલા, જેમાં પ્લોટ નં.૧,૨,૩ તથા ૪ નું ક્ષેત્રફળ ૨૯૭૭૩–૪૩ ચો.મી.તથા લોડીંગ – અનલોડીંગ ક્ષેત્રફળ ૨૪૦૭–૧૨ ચો.મી. તથા રસ્તાનું ક્ષેત્રફળ ૨૯૨૬–૪૫ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૩૫૧૦૭–૦૦ ચો.મી. એટલે કે ૪૧૯૮૭–૬૨ ચોરસ વારની જમીન આવેલ છે. જે જમીન અમારા અસીલે **ચીમનલાલ પ્રભાશંકર રાજયગુરૂ**, રહે. કડીયાળી, તા.રાજુલા, જિ.અમરેલીના પાસેથી વેંચાણ દસ્તાવેજ નં.૧૫૦૫/૨૦૧૦, તા.૨૦/૦૫/૨૦૧૦ ના રોજ રૂા.૧,૨૨,૮૭,૪૫૦–૦૦ ની અવેજની રકમ ચુકવી અમારા અસીલે કરાવી લીધેલ છે. ત્યારબાદ સદર મિલ્કત રેવન્યુ રેકર્ડમાં અમારા અસીલના નામે દાખલ થયેલ છે. તેમજ હાલમાં સદર મિલ્કતનો કબજો – ભોગવટો પણ અમારા અસીલ ધરાવે છે. આ ઉપરાંત સદર મિલ્કત બાબતેના કોઈ કેસો કોઈપણ અદાલતમાં કે કોઈ રેવન્યુ ઓથોરીટી સમક્ષ હાલમાં પેન્ડીંગ નથી. જેથી હાલમાં સદરહું મિલ્કતનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો અમારા અસીલ ધરાવે છે.તો સદરહુ મિલ્કત સંબંધે કોઈ ઈસમ/ વ્યકિત કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે, અર્ધસરકારી સંસ્થાએ ઉપરોકત જણાવેલ મિલ્કત બાબતે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવાનો થતો હોય તો તમામ વ્યવહાર અમારા અસીલ સાથે કરશો, અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત ઉપરોકત મિલ્કત બાબતે કોઈપણ પ્રકારનો વહીવટ કરવા બંધાયેલ ન હોય જેથી ઉપરોકત મિલ્કત બાબતેનો તમામ વ્યવહાર અમારા અસીલ સાથે કરવા હાલની આ નોટીસ પ્રસિધ્ધ કરીએ છીએ.

**તારીખ :**– ૨૨–૦૪–૨૦૨૪.

**એડવોકેટ વિજય એમ. લચ્છા**
એસ.ટી. બસસ્ટેન્ડની સામે, વ્હાઈટ હાઉસ, પ્રથમ માળ, અમરેલી,
જલારામનગર–૨, અમરેલી–૩૬૫૬૦૧
મો. ૯૯૯૮૦ ૪૬૬૭૪

## પાના ૮ ઉપરનું ચાલું જિલ્લામાંથી હદપાર કરાયા

અવાર–નવાર ગેરકાયદેસર પ્રોહી. પ્રવૃત્તિ આચરતા અને અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા ધર્મેશભાઈ ઉર્ફે ભુરો જયંતીભાઈ બુંધેલીયા, દિપકભાઈ હસમુખભાઈ શાહ, રફીકભાઈ વલીભાઈ માંડલીયા, (રહે. ત્રણેય અમરેલી) સહિત–૩ ઈસમોને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ. જે અન્વયે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલી દ્વારા ત્રણેય ઈસમોને અમરેલી જિલ્લામાંથી એક વર્ષની મુદત માટે હદપાર કરવા હુકમ કરતા ત્રણેય ઈસમોને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં આજે હનુમાન જયંતીની

દામનગર શહેરની મધ્યમાં આવેલ ૩૫૦ થી વધુ વર્ષ પૌરાણિક શ્રી રોકડીયા હનુમાનજી દાદાના મંદિરે ચૈત્ર સુદ પૂનમને મંગળવારે તા. ૨૩/૪ નાં દિવસે હવનનું આયોજન કરવામાં આવેલ છે અને સમસ્ત બ્રહ્મ સમાજની વાડીમાં બપોરના સમયે દાદાના ચરણોમાં થાળ ધરીને સેવક સમુદાય પ્રસાદી ગ્રહણ કરશે. શ્રી રોકડીયા હનુમાનજી મંદિરનો સંક્ષિપ્ત ઈતિહાસ મુજબ ૩૫૦ વર્ષ પહેલાં મૂળદાસ બાપુ ( ખાખી બાપુ ) એ અહીંયા મૂર્તિની સ્થાપના કરી હતી. ત્યારબાદ મંદિરનું નિર્માણ અને શિખરનું કાર્ય થયેલ. આ મંદિરની બાજુમાં ધોળી કુઈ (કુવો) છે તે સમયે ખુલ્લો હતો જે સમય જતાં ઢાંકી દેવામાં આવેલ છે. આ કુવામાંથી પાણીનો અખંડ પ્રવાહ આજ દિન સુધી અવિરત હનુમાનજી દાદાની કૃપાથી વેપારી મિત્રો અને રહેવાસીઓ મીઠા મધુરા પાણીનો લાભ લઈ રહ્યા છે. ૩૦ વર્ષ પહેલાં બાઢડાવાળા શ્રી ઘનશ્યામબાપુએ આ મંદિરમાં હનુમાન ચાલીસાનાં પાઠ શરૂ કરેલ છે જે દર શનિવારે પાઠ સેવક સમુદાય દ્વારા કરવામાં આવે છે. દર ચૈત્ર પૂનમના દિવસે યજ્ઞ કરવામાં આવે છે અને સમૂહ પ્રસાદના કરવામાં આવતા આયોજનમાં ૪૦૦ થી વધુ ભકતો પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવે છે અને દર મંગળવારે સુંદરકાંડના પાઠ સંગીત સાથે કરવામાં આવી રહ્યા છે. આ મંદિરથી નજીકના અંતરે શ્રી ખોડિયાર માતાજીનું સ્થાનક છે, જે કોઠાના ખોડીયાર તરીકે શ્રધ્ધાળુઓ દર્શન કરેલ છે. જાણકારોના કહેવા મુજબ આ ખોડીયાર મંદિરની પાછળની બાજુએ દામનગર ગામની સ્થાપના કરાઈ હતી તે સમયે શ્રીમાન ગાયકવાડ સરકારે લોકોની સુરક્ષા માટે ગઢની રાંગ બનાવી હતી તેની સાબિતી રૂપે અમુક ભાગમાં આજે પણ દીવાલો સુરક્ષિત છે. દામનગર ગામનું નામ રાખવામાં આવેલ તે પહેલા મૂળ નામ 'છભાડ' હતું. ભરવાડ સમાજમાં છભાડ અટક ધરાવતા પરિવારો વર્ષોથી આજ સુધી આ ખોડીયારમાના સ્થાનકે (મંદિર) આવી દર્શન કરવા આવે છે. આજે પણ દામનગરના લોકો કોઠાના ખોડીયાર માતાજીનાં દર્શન ધન્યતા અનુભવે છે. તા. ૨૩/૪ ને મંગળવારે શ્રી રોકડીયા હનુમાન દાદાના મંદિરે હનુમાન જયંતિની ઉજવણી સેવક સમુદાય દ્વારા કરવામાં આવશે.

## જાહેર નોટિસ

અમો નિચે સહી કરનાર વિજય એમ. લચ્છા–એડવોકેટ, રહે. અમરેલીના તે અમારા અસીલ મહેબુબ જુમ્માહસન મસ્કતવાલા, રહે. મુંબઈનાની મિલ્કત કે જેનું વર્ણન નિચે મુજબ છે. જે અંગે લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં કડીયાળી ગામના ખાતા નં.૧૮૨, રે.સ.નં.૧૩૫/૧ પૈકી ૧ થી આવેલ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૩–૫૨–૦૮ છે, આ જમીન ઔદ્યોગીક હેતુ માટે બિનખેતી થયેલ અને તેમાં પ્લોટસ પાડવામાં આવેલા. જેમાં પ્લોટ નં.૧,૨,૩ તથા ૪ નું ક્ષેત્રફળ ૩૦૧૨૧–૨૭ ચો.મી. તથા લોડીંગ – અનલોડીંગ ક્ષેત્રફળ ૨૪૦૭–૫૦ ચો.મી. તથા રસ્તાનું ક્ષેત્રફળ ૨૬૭૯–૨૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૩૫૨૦૮–૦૦ ચો.મી. એટલે કે ૪૨૧૦૮–૪૧ ચોરસ વારની જમીન આવેલ છે. જે જમીન અમારા અસીલે નંદલાલ પ્રભાશંકર રાજયગુરૂ, રહે. કડીયાળી, તા.રાજુલા, જિ.અમરેલીનાં પાસેથી વેંચાણ દસ્તાવેજ નં.૨૧૭૮/૨૦૧૦, તા.૨૦/૦૭/૨૦૧૦ ના રોજ રૂા.૧,૨૩,૨૨,૮૦૦–૦૦ ની અવેજની રકમ ચુકવી અમારા અસીલે કરાવી લીધેલ છે. ત્યારબાદ સદર મિલ્કત રેવન્યુ રેકર્ડમાં અમારાં અસીલના નામે દાખલ થયેલ છે તેમજ હાલમાં સદર મિલ્કતનો કબજો–ભોગવટો પણ અમારા અસીલ ધરાવે છે. આ ઉપરાંત સદર મિલ્કત બાબતેનાં કોઈ કેસો કોઈપણ અદાલતમાં કે કોઈ રેવન્યું ઓથોરીટી સમક્ષ હાલમાં પેન્ડીંગ નથી. જેથી હાલમાં સદરહું મિલ્કતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમારા અસીલ ધરાવે છે. તો સદરહું મિલ્કત સંબંધે કોઈ ઈસમ / વ્યકિત કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે, અર્ધસરકારી સંસ્થાએ ઉપરોકત જણાવેલ મિલ્કત બાબતે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવાનો થતો હોય તો તમામ વ્યવહાર અમારા અસીલ સાથે કરશો. અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત ઉપરોકત મિલ્કત બાબતે કોઈપણ પ્રકારનો વહીવટ કરવા બંધાયેલ ન હોય જેથી ઉપરોકત મિલ્કત બાબતેનો તમામ વ્યવહાર અમારા અસીલ સાથે કરવા હાલની આ નોટીસ પ્રસિધ્ધ કરીએ છીએ.

**તારીખ :**– ૨૨–૦૪–૨૦૨૪.

**એડવોકેટ વિજય એમ. લચ્છા**
એસ.ટી. બસસ્ટેન્ડની સામે, વ્હાઈટ હાઉસ, પ્રથમ માળ, અમરેલી,
જલારામનગર–૨, અમરેલી–૩૬૫૬૦૧
મો. ૯૯૯૮૦ ૪૬૬૭૪

# અમરેલી ખાતે લોક સાહિત્ય સેતુની નિયમિત બેઠક સંપન્ન






પ.પૂ.મોરારિબાપુના રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય લોકસંસ્કારને ઉજાગર કરતી ૧૧૬મી નિયમિત બેઠક બાલ ભવન સંગીતકક્ષામા વિશાળ સંખ્યામા ભાઈઓ બહેનોની ઉપસ્થિતીમા મળ ી.પ્રારંભમા સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સહુને પોતાની આગવી શૈલીમા આવકાર આપેલ. આજીવન શ્રેષ્ઠ શિક્ષક ચુસ્ત ગાંધીવાદી અને પૂજય વિનોબાજીની સાથે રહેનાર સાદગીમય જીવન વ્યતીત કરનાર દીનમહમદભાઈને પુષ્પાર્પણ શ્રદ્ધાંજલી અર્પણ કરેલ. કલાકાર સર્વ મહિપતભાઈ ભટ્ટે ગણપતી સ્થાપના સાથે ભજનની રમઝટ બોલાવી. લોકસાહિત્યના મીઠા ગળાના ગાયક ચંદ્રકાંતભાઈ, ઉર્વશીબેન બારોટ, રમેશભાઈ જાદવ, જેવાએ પોતાની આગવી શૈલીમા સંગીત પીરસી સંગીત મૈત્રીનુ માધ્યમ સિદ્ધ છે સિધ્ધ કર્યુ. આજની બેઠકમા મહેન્દ્રભાઈ શુકલ, આનંદભાઈ ભટ્ટ, હસુદાદા જોષી, નારણભાઈ ડોબરિયા, જિ.સ.બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, ચિત્રકૂટ એવોર્ડ વિજેતા શિતલબેન મહેતા, તરૂબેન પાઠક, હસમુખભાઈ પાઠક, ચંદ્રકાંતભાઈ વ્યાસ, તરૂબેન વ્યાસ, માલતીબેન પંડયા ,ગોવિંદભાઈ ગોંડલીયા, જયોતિષિ રજનીભાઈ ભટ્ટ, પંકજભાઈ જોષી, પરેશભાઈ મહેતા (સંવાદ સંસ્થા) લવજીભાઈ ચાવડા, મંગળાબેન ચાવડા , સમેત ઉપસ્થિત સહુએ આનંદ માણ્યો અશ્વિનભાઈ ત્રિવેદી, કીરણબેન ત્રિવેદી સોનલબેન ત્રિવેદી, બ્રહ્મસમાજના અગ્રણી આનંદભાઈ ભટ્ટે પ્રાસંગિક વક્વ્ય આપી સહુને બીરદાવ્યા મોટાભાઈ સંવટ, શિતલબેન મહેતા, પ્રાસંગિક વક્વ્યથી સહુ કલાકારોને બીરદાવી સંતોષ વ્યક્ત કર્યો. પૂજય રતીદાદાએ આશીર્વાદ વરસાવી લોકસાહિત્યની સંસ્થાને બીરદાવી. આજના કાર્યક્રમ અંતર્ગત અમેરિકા સ્થિત આદરણીય મનિષાબેન પંડયાના મોજીલા સૌજન્યથી પૂ.રતીદાદા ડોકટરેટ થતા શિતલબેન મહેતા 'ચિત્ર કૂટ' એવાર્ડ પ્રાપ્ત કરવા બદભવ્યાતિભવ્ય સન્માન કરવામા આવ્યુ. કાર્યક્રમથી બાલભવનના આદરણીય ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા. મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, ડે.નિયામક દિનેશભાઈ ત્રિવેદી સહુએ આનંદ અને સંતોષ વ્યક્ત કર્યો. આભાર દર્શન મહામંત્રી સુરાણીભાઈએ પોતાની આગવી શૈલીમા કર્યુ. કાર્યક્રમના સફળતા ઈચ્છતા રજનીભાઈ ભટ્ટ તેમજ મુકુન્દભાઈ મહેતા તરફથી આઈસ્ક્રીમની મોજ માણી.

### એક પ્રસૃતાની અને બાળકની જીંદગી બચાવી

## બાબરાના આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ દર્દી નારાયણની સેવામાં ખડે પગે

### અતિ જોખમી પ્રસૃતી સફળતાપુર્વક પુર્ણ કરાવી




બાબરા, તા.૨૨

બાબરા આરોગ્ય કેન્દ્ર દ્વારા માતા અને બાળકના સવાતમ આરોગ્યની સુવિધા ઘર આંગણે મળી રહે તે હેતુથી તથા જોખમી પ્રસુતિ સમયે માતા – બાળ મૃત્યુ ન થાય તથા સુરક્ષિત પ્રસુતિ થાય તે હેતુથી આરોગ્ય વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે, મીડવાઈફ પ્રોગ્રામ હેઠળ આરોગ્ય કેન્દ્રના અનુભવી તાલીમ લીધેલ મીડવાઈફ ગોહિલ પ્રિયંકાબેન પોતાની આવડત, અનુભવ અને કુનેહપૂર્વક ફરજ બજાવી રહ્યા છે, જેનુ ઉદાહરણ ગઈકાલે જોવા મળેલે.બાબરા ગામે ભાવનાબેન જયસુખભાઈ કડેવાળ જેની બીજી સુવાવડ હતી, પ્રસુતિનો દુઃખાવો ઉપડતા તા. ૨૧/૪/૨૪ના વહેલી સવારે સારવાર અર્થે સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરા ખાતે લાવવામાં આવેલ, તે સમયે ફરજ પરના સ્ટાફ દ્વારા મીડવાઈફ પ્રિયંકાબેન જે હેડકવાર્ટરમા રહી ૨૪×૭ આરોગ્ય અને પ્રસુતિની સેવા આપી રહ્યા છે, તેમને ફોન કરીને બોલાવતા, તેણીને તપાસ કરતાં માલૂમ પડેલ કે, બાળક ઉલટું છે, સામાન્ય રીતે બાળકનુ માથું પહેલા હોય તેની બદલે આ કેસમાં પૂઠ (Breech with buttocks + genital organ)નો ભાગ પહેલા હતો, જે અતિજોખમી કહેવાય, સુવાવડનો સમય નજીક હોય, રિફર કરી શકાય તેમ ન હોય તાત્કાલિક સુવાવડ કરાવવાની ફરજ પડી હોય.મીડવાઈફ પ્રિયંકાબેનએ પોતાની સુજબુજ, આવડત, અનુભવ તથા વગ– ૪ના કમચારી સાથે મળીને આ જોખમી પ્રસુતિને કુનેહપૂર્વક સફળ પ્રસુતિ કરાવી, જેમાં ગર્ભનાળ બાળક ના આખા શરીરે વીટંળાયેલ હતી. આ પરિસ્થિતિમાં કોઈ પણ સમસ્યા વગર પ્રસૃતિ કરાવી. માતા અને બાળક નવજીવન આપ્યું છે, તથા માતા અને પરિવારજનોએ મીડવાઈફ પ્રિયંકાબેન તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર બાબરાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો. પ્રસુતા માતાએ માતાએ શાબ્દિક તથા લેખિતમા મીડવાઈફ પ્રિયંકાબેન તથા સામુહિક આરોગ્ય કેન્દ્રનો આભાર પ્રગટ કરેલ છે.

### લોકસભાની ચુંટણીને અનુલક્ષીને

## કોટડાપીઠા ચેકપોસ્ટ પર વાહનોનું તપાસનીશ ટીમ દ્વારા ચેકીંગ પ્રક્રિયા શરૂ

### શંકાસ્પદ કંઈક જણાય તો તુરંત કાર્યવાહી




અમરેલી, તા. ૨૨

કોટડાપીઠા એચ પોસ્ટ પર વાહનોનું ધનીષ્ઠ ચેકીંગ બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે આવેલ ચેક પોસ્ટ પર હાલ લોકસભાની ચુંટણીને લઈને ચેક પોસ્ટ પર પોલીસ, જીઆરડી જવાનો તેમજ ચુંટણી પંચ દ્વારા નીમાયેલ કર્મચારી દ્વારા વાહનોનું ધનીષ્ઠ ચેકીંગ કરવામાં આવી રહયું છે. અને કોઈ શંકાસ્પદ જણાયતો તુરંત જ કાર્યવાહી ચેક પોસ્ટનાં સ્ટાફ દ્વારા કરવામાં આવી રહી છે.

### એસ.ટી.નાં અધિકારીનું રૂવાડું ફરકતું નથી

## બગસરા એસ.ટી.ડેપોની બસો નિયમિત રીતે અનિયમિત રીતે દોડી રહી છે

### મુસાફરવર્ગ માટે કોઈ કામગીરી કરાતી નથી




બગસરા, તા.૨૨

વિગત અનુસાર બગસરા એસ. ટી. ડેપોમાં અવાર નવાર બસો મોડી ઉપડવાં ની ફરિયાદો આવી રહેલ છે ત્યારે ગઈ કાલે એક સાથે ત્રણ બાશો મોડી ઉપાડતા પેસેન્જરો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા જેમાં લાંબા રૂટની બસ જેવી કે બગસરા અંબાજી બગસરા રાજકોટ અને બગસરા કૃષ્ણનગર જેવી બસો એક કલાક મોડી ઉપાડતા કોયના દવાખાના ના કમો તો કોયના નિયત સ્થળેથી અન્ય બાશો પકડવાનો સમય બગડતા લોકો દ્વારા કહેવામાં આવેલ છે કે આવા બનાવો છાશવારે બનતા જોવા મળે છે તો આ નીરભર તંત્ર શું પોતાના કર્મચારીઓ ઉપર કોય કાર્યવાહિ કેમ નથી કરતું કે પછી એસ. ટી. નિગમ પાસે સ્ટાફની કમી છે આવા અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યાં છે જયારે એસ.ટી.નિગમ તરફથી સ્લોગન બહાર પાડેલ છે સલામત સવારી એસ.ટી.અમારી પણ હવે નિગમને સલામત સવારી ગમે ત્યારે ઉપાડે એવું સ્લોગન બનાવવાની જરૂર વર્તાય રહી છે પેસેન્જર એસોસિયેશનને પણ લોકો દ્વારા અનેક વખત રજુઆતો કરી છે ત્યારે પેસેન્જર એસોસિયેશન દ્વારા એસ. ટી. નિગમને પણ અનેક વખત રજુઆત કરી છે કે લાંબા રૂટની બસો નિયત સમયે ઉપાડે જેથી કરીને લોકો સમયસર નિયત સ્થળે પહોંચી શકે પરંતુ આ નિર્ભર તંત્રને તો જાણે કાય ફરક જ ના પાડતો હોય તેમ ગમે ત્યારે બસો ઉપાડે છે તો લોકોમાં માંગ ઉઠી છે કે સમયસર બસો ઉપાડે જેથી લોકો સમયસર નિયત સ્થળે પહોંચી શકે.

# મહુવાનાં ગ્રામ્ય વિસ્તારમાં કોંગી ઉમેદવાર જેની ઠુંમરને અભુતપુર્વ પ્રતિસાદ










અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા–ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજે મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે હતા.ત્યારે જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ કે અમરેલી જિલ્લાની દિકરીને આપની સૌની દિકરી જેની ઠુમ્મરને જયારે કોંગ્રેસ પક્ષે ઉમેદવાર બનાવી છે.ત્યારે ભાજપના કેન્દ્ર થી લઈ અને સ્થાનિક નેતાઓ આ તમારી દિકરીની ઉમેદવારી રદ કરાવવા માટે ભરપૂર પ્રયાસો કરે છે. એકતરફ દેશના વડાપ્રધાન બહેનોની ભાગીદારીની વાતો કરે છે. અને બિજી તરફ અમરેલી જિલ્લાની દિકરી તમારી સૌની દિકરી ચૂંટણી લડી રહી છે. ત્યારે તેમની ઉમેદવારી રદ કરાવવા માટે કાર્યરત છે. ત્યારે ભાજપની આ બે મોઢ ાની વાત મતદારો સમક્ષ ખુલ્લી પડી ચૂકી છે.જે મિલકત ને લઈ ને મારી ઉમેદવારી રદ કરવાની ભાજપ માંગણી કરી રહ્યુ છે એ મિલકત અમે વર્ષો પહેલા વહેચી છે લેનાર વ્યકિતએ પોતાના નામે નથી કરાવી અને તેનો દસ્તાવેજ પણ રજુ કર્યા છે. તેમાં અમારી કોઈ જવાબદારી રહેતી નથી ત્યારે આવા ખોટા ઈશ્યુ ઉભા કરી અને તમારી સૌની દિકરી જેની ઠુમ્મરનું મનોબળ તોડવાનો પ્રયાસ કરે છે. પરંતુ ઈશ્વર અને સત્ય અમારી સાથે છે.આ સાથે તેમણે જણાવ્યુ કે હું લોકસભામાં જીતીશ ત્યારે જિલ્લાના દરેક તાલુકા મથકે લોકદરબાર યોજીશ જેના થકી જનતાનો સાક્ષાત્કાર કરવાનો મને અવસર મળે.આપણે સૌએ સાથે મળી અને મહુવા, ગારીયાધાર અને અમરેલી જિલ્લાના પ્રાણ પ્રશ્નો શિક્ષણ, આરોગ્ય,રોજગાર,રોડ–રસ્તા સહિતના પ્રશ્નોનો ઉકેલ આવે તેવો પ્રયાસ કરીશું આપ સૌ વડીલોના આશિર્વાદ અને ખાસ કરીને મારી માતા બહેનોના આશીર્વાદ જોઈએ.વધુમાં જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ કે આ ઉપરાંત કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધી એ નીચે મુજબની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થશે જેમાં જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે.૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે, અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો : ખેડૂતો માટે જણસીના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુંની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂ. ૧ લાખ, અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે :–મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય :આર્થિક અને જાતીગત જનસંખ્યા ગણના થશે. જલ– જંગલ–જમીન કાનૂની હક વન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસીત બહુમતિ વાળા વિસ્તારોમાં અધસુચિત થાશે. આ તકે જેનીબેન ઠુમ્મરે મહુવા તાલુકાના તરેડ, બેલમપર, રાજાવદર, બોરડી, સેંદરડા, મોટા આસરાણા, બિલડી, અમૃતવેલ, ગુંદરણી, નેસવડના લોકોનો આર્શિવાદ મેળવ્યા હતા. તેની સાથે પ્રવાસમાં, પુર્વ ધારાસભ્ય કનુભાઈ કળસરિયા, પાલીતાણા ના પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, પ્રદેશ કોંગ્રેસ ના આગેવાન રાજભાઈ મહેતા, યુવક કોંગ્રેસ ના આગેવાન વિજયભાઈ બારૈયા, ગારીયાધારના પૂર્વ ઉમેદવાર પી.એમ.ખેની સાહેબ, મનુભાઈ ચાવડા, મહુવા શહેર કોંગ્રેસ પ્રમુખ મિલાભાઈ જોષી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ વી.ડી.મકવાણા, જેસર તાલુકા પ્રમુખ કથડભાઈ ગોહિલ, નિલેશભાઈ સોલંકી, રમેશભાઈ વાઘ, પરેશભાઈ જિંગાળા છગનભાઈ નકુમ હરેશભાઈ તળ ાવિયા દેવાભાઈ ધીઢભાઈ મકવાણા ચાવડા રામસિંહ શારદુલભાઈ રોહિતભાઈ લાડુમોર મકાભાઈ ભરવાડ બબાભાઈ કલસરિયા રવજીભાઈ ભાલીયા ભવનભાઈ રાઠોડ ચશમા ભાઈ કાકલોદર મંગાભાઈ કબાટ સહિતના બહેનો સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા.

## જિલ્લાનાં રાજકારણમાં શનિ-રવિનાં દિવસોમાં ઘમાસાણ મચ્યા બાદ

# ઘીના ઠામમાં ઘી પડયું : કોંગી ઉમેદવાર જેની ઠુંમરનું ઉમેદવારીપત્રક માન્ય

**ગુજરાત હાઈકોર્ટનાં એડવોકેટ પંકજ ચાંપાનેરી અને અમરેલીનાં એડવોકેટ નિશીત પટેલ સહિતે ઉમેદવારીપત્રક માન્ય કરાવવા ભારે જહેમત ઉઠાવી**

**ભાજપનાં લીગલ સેલનાં એડવોકેટે કોંગી ઉમેદવારનાં ઉમેદવારીપત્રક સામે વાંધો રજૂ કરતાં દેકારો મચી ગયો**

**ચૂંટણી અધિકારીએ શનિવાર બાદ રવિવારે સુનાવણી કરીને કોંગી ઉમેદવારને ખુલાશો કરવા જણાવ્યું**

**પૂર્વ સાંસદ વિરજી ઠુંમર, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, ઠાકરશીભાઈ મેતલીયા સહિતનાં દિગ્ગજોની દોડધામ વધી હતી**

અમરેલી, તા. ૨૨

કોંગ્રેસ પક્ષની લીંગલ ટીમ નીધારદાર દલીલો તેમજ જીણવટ ભરી કાયદાકીય રજુઆતો ના અંતે અમરેલી લોકસભાસીટના કોંગ્રેસ પક્ષના (ઈન્ડીયા ગઠબંધનના) ઉમેદવાર જેનીબેન ઠુમ્મરનું ઉમેદવારી ફોર્મ માન્ય રાખ્યુ.

સીનીયર એડવોકેટ પંકજભાઈ ચાંપાનેરી, એડવોકેટ રફીકભાઈ મોગલ, એડવોકેટ નિસીત













પટેલ, એડવોકેટ સંદિપ પંડયાના સહિતના વકીલોની મહેનત રંગ લાવી.

ઉમેદવારી પત્ર ચકાસણીના દિવસે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર પોતાના ઉમેદવારી ફોર્મમાં કયાંય પણ ક્ષતિ ન હોવા છતાં પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા પાર્ટીના આગેવાન દ્વારા ખોટા વાંધાઓ રજુ કરાતા અમરેલીના ચુંટણી અધિકારી સમક્ષ

અનુસંધાન પાના ૬ ઉપર

## એડવોકેટ એમ.જે. સૈયદની દલીલો સફળ રહી

# રાજુલા-મહુવા માર્ગ ઉપર વીજલાઈનનાં કારણે બાઈક સવારનું મોત થતાં 30 લાખ ચુકવવા હુકમ

**સાવરકુંડલાનાં એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ દ્વારા પીજીવીસીએલને વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૨૨

આ કેસની હકીકત એવી છે કે તા.૮/૪/૨૦૧૫ ના રોજ ગુજરનાર મહમદશફી અબુબકર હીંગોરા, રહે. માંડણ, તા.રાજુલાના મોટર સાયકલ નં. જીજે-૧૪-એડી-૭૮૫૫ માં પાછળ બેસીને આવતા હતા ત્યારે મોટર સાયકલ હીંગોરા અશરફભાઈ ઈકબાલભાઈ ચલાવીને રાજુલા -મહુવા રોડ ઉપર જઈ રહ્યા હતા ત્યારે અચાનક હાઈવે રોડને ક્રોસ કરતી



વિજ લાઈનના વાયરો ઈલેકટ્રીક થાંભલો તુટી જવાને કારણે રોડ ઉપર આવી ગયેલા. જેથી મોટર સાયકલમાં બેઠેલા મહંમદસફીને ઈલેકટ્રીક વાયરો ગળામાં ભરાઈ જતા સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નિપજેલ હતુ. જેનું મોટર વ્હીકલ એકટ અન્વયે વળતર મળવા તેના વિધવા જરીનાબેન મહંમદશફી વિગેરે-૫ નાએ કલેઈમ કરેલ હતો. જેમાં પી.જી.વી.સી.એલ.ની તકરાર

અનુસંધાન પાના ૬ ઉપર

## સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનાં હુકમનાં આધારે

# રાજુલાનાં રામપરા-૨ ગામે ગુન્હાઓ આચરનારને તડીપાર કરી દેવાયા

**હરસુરભાઈ સાર્દુળભાઈ વાઘને ૪ જિલ્લામાંથી હદપાર કરાયા**

અમરેલી, તા. ૨૨

અમરેલીપોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા સાવર કુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલયવૈદ્યએ આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર



## જિલ્લા મેજીસ્ટ્રેટ અજય દહીયાનાં વોરંટનાં આધારે

# અમરેલી જિલ્લાનાં જુદા-જુદા 3 ઈસમોને ‘પાસા’ હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરાયા

**અનિરૂધ્ધભાઈ વાળા, મેહુલભાઈ વાઘેલા અને યાસીનભાઈ શેખની અટકાયત**







અમરેલી, તા. ૨૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર-ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં દારૂના ધંધાર્થી ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા

અનુસંધાન પાના ૬ ઉપર

## સબડીવીઝનલ મેજીસ્ટ્રેટનાં આદેશનાં આધારે કાર્યવાહી

# અમરેલી પંથકમાંથી 3 ઈસમો ૧ વર્ષ માટે જિલ્લામાંથી હદપાર કરાયા

**ધર્મેશભાઈ બુંધેલીયા, દીપકભાઈ શાહ, રફીકભાઈ માંડલીયાને હદપાર કરાયા**

અમરેલી, તા. ૨૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે તથા અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માટે સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલીસીટી પોલીસસ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલીસીટી પોલીસ ટીમ દ્વારા અમરેલી શહેર વિસ્તારમાં

અનુસંધાન પાના ૬ ઉપર



## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# બગસરા ખાતે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૫૬ બોટલ ઝડપાઈ



બગસરા, તા. ૨૨

બગસરામાં હુડકો કોલોનીમાં રહેતા સુરેશ હરજીવનભાઈ રાઠોડ નામનો એક શખ્સ બગસરામાં ઘણા સમયથી દારૂનું વેચાણ કરતો હોવાથી અમરેલી એલસી બી ટીમને જાણ થતાં બાતમીના આધારે આ ટીમ દ્વારા રેડ પાડવામાં આવી હતી અને ૫૬ બોટલ ભારતીય બનાવટનો દારૂ મુદ્દામાલ ૨૨૮૯૫ ની કિંમતનો પકડી પડેલ હતો.

## આકરા તાપ વચ્ચે રેવેન્યુનું જંગલ સળગ્યું

# ધારીનાં આંબરડી રેવેન્યુ વિસ્તારમાં વિકરાળ આગ લાગતા અફડા-તફડી મચી

**સ્થાનિકોએ આગ બુઝાવવાનો કર્યો પ્રયાસ**



અમરેલી, તા. ૨૨

ધારી નજીક આવેલ આંબરડી રેવન્યુ વિસ્તારમાં આજે કોઈ કારણોસર વિકરાળ આગ લાગતા અફડા તફડીનો માહોલ સર્જાયો હતો અને ઉનાળાના બળબળતા બપોરે રેવન્યુનું જંગલ સળગ્યું હતું અને આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું.

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાંથી વિદેશી દારૂની ૨૩૨ બોટલ ઝડપાઈ



અમરેલી, તા. ૨૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ,

અનુસંધાન પાના ૬ ઉપર





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

66,400/-

(૧૦ ગ્રામ)

રહેલ તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)